ગુજરાત સમાચાર
ગુરુવાર, ૦૫-૧૧-૨૦૨૪

॥ દીપોત્સવી ॥

नवप्रकाशं नवचैतन्यं नवहर्ष नवसामर्थ्यम् ।
आयातु नववर्षः एषः गृहीत्वा नवमाङ्गल्यम् ॥

દીપોત્સવી એ માત્ર બાહ્ય અંધકારને દૂર કરનારું પર્વ નથી, પરંતુ અંતરના આત્મિક ચૈતન્યને પ્રગટાવનારું એક અનુપમ અને અનોખું મહાપર્વ છે. આ ઉત્સવ અજ્ઞાનના ઘોર અંધકારને ભેદીને આત્મજ્ઞાનના પરમ ઉજાસ તરફ ગતિ કરવાનો એક ઉમંગી મહોત્સવ છે. વાઘબારસથી પ્રારંભ કરીને ભાઈબીજ સુધી વિસ્તરેલું આ મહાપર્વ અનેરું ગૌરવ, ગરિમા અને દિવ્ય ગુણોનું અમૃતભાથું છે. 'દીપ' એટલે જ્યોત અને 'આવલી' એટલે હારમાળા. ઘરઆંગણે, શેરીઓમાં અને ઝરૂખે પ્રગટતી આ દીવાઓની હારમાળા અમાસના ઘોર અંધકારને તો દૂર કરે છે, સાથે સાથે માનવ સંસ્કૃતિમાં એકતા, સમરસતા અને સંઘભાવનાના બીજ રોપે છે. સાહિત્યિક દ્રષ્ટિએ દીપોત્સવી એટલે શરદ-હેમંતના મિલન પર રચાયેલું ભવ્ય કાવ્ય છે, જ્યાં પ્રત્યેક દીપ આશા, પ્રતીક્ષા અને સ્નેહનું ચિરંતન પ્રતીક બને છે. પૌરાણિક સંદર્ભમાં, આ ઉત્સવ અસત્ય પર સત્યના અને અધર્મ પર ધર્મના વિજયનો મહોત્સવ છે. ભગવાન શ્રીરામે ચૌદ વર્ષના વનવાસ બાદ આ માંગલિક દિવસે અયોધ્યા નગરીમાં પુનરાગમન કર્યું હતું. તેથી પ્રજાએ તેના સ્વાગત માટે અયોધ્યા નગરીને દીવાઓથી ઝળહળતી કરી હતી. ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કરીને સંસારને ભયમુક્ત કર્યો હતો. દેવો તથા દાનવો દ્વારા ક્ષીરસાગરમાં કરાયેલા સમુદ્રમંથન દરમિયાન માતાજી લક્ષ્મીજી દિવાળીના શુભ દિવસે પ્રગટ્યાં હતાં.

દીપોત્સવનો વાસ્તવિક મહિમા તેના તાત્વિક અને આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં રહેલો છે. તાત્વિક દ્રષ્ટિકોણથી વિચારીએ તો, આ પાવન પર્વ ઉપનિષદના મનોહર મંત્ર 'તમસો મા જ્યોતિર્ગમય' એટલે કે અમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓના દિવ્ય ભવ્ય સંદેશને મૂર્તિમંત કરે છે, તથા 'સમગ્ર ધરતી એ મારું કુટુંબ છે' તેવી સમષ્ટિની ભાવના ઉજાગર કરે છે. દીવો એ આપણા આત્મતત્વનું પ્રતીક છે. જેમ એક નાની જ્યોત ઘોર અંધકારને ક્ષણભરમાં છિન્નભિન્ન કરી દે છે તેમ જ્ઞાનનો એક નાનો અંશ માનવના અજ્ઞાનને દૂર કરે છે. આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, દીવાની ઉપર જતી જ્યોત માનવીની ચેતનાને ઉચ્ચ સ્તરે લઈ જવાની પ્રેરણા આપે છે. આ પર્વ ભીતરના અંધકાર, કામ, ક્રોધ, મોહ, ઈર્ષ્યા અને વેરઝેર જેવા વિકારી વમળોનો વિલય કરી પ્રેમ, કરૂણા, ત્યાગ, ક્ષમા તથા સહનશીલતા જેવા સકારાત્મક તથા સાત્વિક તત્વોથી ભરપૂર કરીને આત્મિક ઉન્નતિના અમૃત માર્ગ તરફ દોરી જાય છે. પ્રત્યેક મનુષ્યે ઘરના આંગણાને શણગારવાની સાથે જ પોતાના અંતરમાં પણ એક જ્ઞાનદીપ પ્રજ્વલિત કરવો પડશે. ભગવાન બુદ્ધનું અત્યંત લોકપ્રિય અને પ્રેરણાદાયી સૂત્ર 'અપ્પો દીપો ભવ'નું સૂત્ર નોંધપાત્ર છે. માનવ પોતે જ પોતાનો પ્રકાશ કે દીવો બને. આ સૂત્ર આત્મ-નિર્ભરતાનો સંદેશ આપે છે, તથા સ્વયં વિકાસ કરવાની પ્રેરણા આપે છે. ભીતરમાં રહેલી શક્તિને પારખીને તેના બળે ઉન્નતિના માર્ગે આગળ ધપવાનો બોધ આપે છે. દીવાઓનું બાહ્ય સૌંદર્ય અને પ્રકાશ ક્ષણિક આનંદ આપે છે, જ્યારે આત્મખોજથી પ્રાપ્ત થતો પરમ પ્રકાશ અલૌકિક આનંદની દિવ્યાનુભૂતિ કરાવે છે.

સાંસ્કૃતિક રીતે દીપોત્સવીનું પર્વ સંબંધોની સુવાસ અને સામાજિક સદ્‌ભાવનાનું એક અદ્‌ભુત રસાયણ છે. આ પર્વ સ્નેહની સુવાસને પ્રસરાવે છે તથા આત્મિક આનંદ નિષ્પન્ન કરે છે. ઘરના આંગણે દોરાતી રંગબેરંગી કલાત્મક રંગોળી અને ઉંબરે બંધાતા આસોપાલવના તોરણો આપણી 'અતિથિ દેવો ભવ'ની ઉમદા ભાવનાને ઉજાગર કરે છે. ધનની દેવી લક્ષ્મીજી અને જ્ઞાનની દેવી શારદાનું એક સાથે પૂજન એ આપણી સંસ્કૃતિની વિશિષ્ટતા છે, ગરિમા છે. દીપાવલી એ ભારતીય સનાતન સંસ્કૃતિનું એક હૃદયસ્પર્શી ગૌરવ છે, જે માનવજાતને પ્રત્યેક પળે અસત્યથી સત્ય તરફ અને અંધકારથી પરમ પ્રકાશ તરફ ગતિ કરવાની સતત પ્રેરણા આપતું રહે છે. દીપોત્સવી એ બાહ્ય જગતને ઝગમગાવવાની સાથે, મનના ગર્ભગૃહમાં સાત્વિક ઉર્જા વહાવીને અંતરની વિકૃતિઓને દેશવટો દેવાનું અને ભીતરની ઓજસધારાને પ્રજ્વલિત કરવાનું આત્મિક જાગૃતિનું અનુપમ મહાપર્વ છે.

- દિનેશ એલ. જોષીપુરા

દીપાવલી : અંતરના અજવાળાનો આધ્યાત્મિક ઉત્સવ

‘આત્મપ્રદીપ: પ્રજ્વલિતો યેન
જ્ઞાનમયેન ચ ।
ન તસ્ય બન્ધનં ભૂય:
સંસારેઽસ્મિન્ સુદારુણે ॥
જે વિવેકશીલ મનુષ્યે પોતાની ભીતર જ્ઞાનમય આત્મ-દીપકને પ્રજ્વલિત કરી દીધો છે તેને આ સંસારના દુ:ખો અને બંધનોનો ભય રહેતો નથી. તે મુક્ત પુરુષ થઈ જાય છે.’

વિચાર-વીથિકા

દેવેશ મહેતા

‘કાર્તિકે માસિ દેવર્ષે
યસ્તુ દીપં પ્રયચ્છતિ ।
ન તસ્ય યમદૂતૈશ્ચ
પીડા ભવતિ સર્વથા ॥
ત્વાં દીપં સર્વદેવાનાં
જ્યોતિ: સ્વરૂપં સનાતનમ્ ।
દીપેન લોકાન્ જયતિ ચ
એવં કુરુતે નર: ॥

કાર્તિક માસમાં દીપદાન કરવાથી પિતૃઓને સદ્ગતિ મળે છે અને સાધકને યમદૂતોના ભયથી મુક્તિ મળે છે. હે દીપક ! તું સર્વ દેવોનું સ્વરૂપ છે, સાક્ષાત્ સનાતન જ્યોતિ સ્વરૂપ છે. જે મનુષ્ય કાર્તિક માસમાં દીપદાન કરે છે તે



સંસારના બધા લોકો પર વિજય પ્રાપ્ત કરી લે છે. અર્થાત્ જીવનના બંધનોથી મુક્ત થઈને પરમ પદને પ્રાપ્ત કરી લે છે.’ - સ્કંદ પુરાણ (કાર્તિક માહાત્મ્ય)

દીપોત્સવી પર્વ સનાતન સંસ્કૃતિનું એક દિવ્ય પર્વ છે જે કેવળ બાહ્ય અંધકારનું જ નિવારણ નથી કરતું, પણ અંત:કરણના અજ્ઞાન-અંધકારને દૂર કરી આત્મ-સાક્ષાત્કાર કરવા માટે પ્રેરિત કરે છે. તે માત્ર સામાજિક કે સાંસ્કૃતિક ઉત્સવ નથી પણ આધ્યાત્મિક ઉત્સવ પણ છે. હકીકતમાં આ ઉત્સવ ‘તમસો મા જ્યોતિર્ગમય’ ના વૈદિક ઉદ્ઘોષનું વ્યાવહારિક અનુષ્ઠાન છે. દીપાવલીનો ઉદ્દેશ્ય અંત:કરણની શુદ્ધતા પ્રાપ્ત કરી જ્ઞાન દીપકને પ્રજ્વલિત કરવાનો છે. બૃહદારણ્યક ઉપનિષદનો શાશ્વત સંદેશ આ પર્વનો પ્રાણ છે. - ૐ અસતો મા સદ્ગમય । તમસો મા જ્યોતિર્ગમય । મૃત્યોર્મા અમૃતં ગમય ॥ (૧.૩.૨૮) હે પરમેશ્વર ! મને અસત્યમાંથી સત્ય તરફ લઈ જા, અંધકાર (અજ્ઞાન)માંથી પ્રકાશ (જ્ઞાન) તરફ લઈ જા અને મૃત્યુમાંથી અમરત્વ તરફ લઈ જા. દિવાળીની રાત્રે પ્રજ્વલિત થનારો દરેક દીવો આ આત્મ-જ્યોતિનું પ્રતીક છે જેનો માનવી એ સાક્ષાત્કાર કરવાનો છે.

કાર્તિક માસની અમાવાસ્યાએ સૂર્ય એની નીચ રાશિ (તુલા)માં હોય છે અને ચંદ્ર એની નીચ રાશિ વૃશ્ચિકમાં જવાની તૈયારીમાં હોય છે એને લીધે પ્રાકૃતિક રૂપે તે વર્ષની સૌથી અંધકારમય રાત્રિ માનવામાં આવે છે. તંત્ર અને પુરાણો પ્રમાણે આ ઘોર અંધકારને હરાવવા માટે મહાશક્તિઓ મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની આરાધના કરવામાં આવે છે.

દીપોત્સવીની રાત્રિ સુખ-સમૃદ્ધિની અધિષ્ઠાત્રી દેવી મહાલક્ષ્મીના પૂજનની અધિષ્ઠાત્રી રાત્રિ છે. પુરાણો અનુસાર આ દિવસે સમુદ્રમંથનથી ભગવતી લક્ષ્મીનું પ્રાકટ્ય થયું હતું. ઋગ્વેદના ખિલ-ભાગમાં વર્ણિત શ્રીસૂક્ત લક્ષ્મી સાધનાનું સર્વોપરિ શાસ્ત્ર છે - હિરણ્યવર્ણા હરિણીં સુવર્ણરજતસ્રજામ્ । ચન્દ્રાં હિરણ્યમયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥ હે સર્વજ્ઞ અગ્નિદેવ ! સુવર્ણ સમાન કાંતિ ધરાવતી, ચાંદીના હાર પહેરનારી, ચંદ્રમા જેવી આનંદમયી અને પ્રકાશમાન મહાલક્ષ્મીને મારા માટે જાગૃત કરો (આહવાહિત કરો) અહીં શ્રી નો અર્થ કેવળ ભૌતિક ધન નથી. સનાતન શાસ્ત્રમાં આઠ પ્રકારની લક્ષ્મી (અષ્ટ લક્ષ્મી) માનવામાં આવી છે - આદિ લક્ષ્મી, ધન લક્ષ્મી, ધાન્ય લક્ષ્મી, ગજ લક્ષ્મી, સંતાન લક્ષ્મી, વીર લક્ષ્મી, જય લક્ષ્મી અને વિદ્યા લક્ષ્મી. દીપોત્સવ પર એમનું પૂજન ધન, ધાન્ય, પ્રગતિ, યશ, કીર્તિ, વિજય, સંતતિ વગેરે સર્વાંગીણ સુખ, સમૃદ્ધિ અને ઉત્કર્ષ પ્રાપ્ત કરાવે છે.

દીપાવલીની રાત્રિને ‘મહાનિશા’ કહેવામાં આવી છે. તે રાત્રે બ્રહ્માંડીય ઉર્જાનો પ્રવાહ એમની ચરમ અવસ્થાએ હોય છે. મહા નિશા એટલે મહાન રાત્રિ. તે રાત્રિ અનેકવિધ સમૃદ્ધિ અને સિદ્ધિ પ્રદાન કરે છે. સુખ-સમૃદ્ધિની અધિષ્ઠાત્રી દેવી મહાલક્ષ્મી અને ધનના રક્ષક કુબેરનું સંયુક્ત પૂજન આ રાત્રે કરાય છે. ‘ૐ હ્રીં શ્રીં ક્રીં શ્રીં કુબેરાય અષ્ટ લક્ષ્મી મમ ગૃહે ધનં પૂરય પૂરય નમ: ॥’ આ મંત્રનો જાપ કરવાથી લક્ષ્મી અને કુબેરની કૃપા પ્રાપ્ત થાય છે. આ પર્વ દરમિયાન કરાયેલી સાધના અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરાવે છે. તંત્રમાં આ મહાનિશાને સિદ્ધિદાત્રી કહેવામાં આવે છે.

જે પડકાર ઝીલશે તેની પ્રગતિ થશે

કૌરવ રાજકુમારો અને પાંડવોનો વિદ્યાભ્યાસ પૂરો થયો. ગુરુ દ્રોણાચાર્યએ તેમની પાસે ગુરુદક્ષિણા માંગી. (પાંચાલરાજં દ્રુપદં ગૃહીત્વા... આદિપર્વ) ‘શિષ્યો, પાંચાલરાજ દ્રુપદને યુદ્ધમાં હરાવી તેને કેદ કરી જીવતો મારી પાસે લાવો. મારા માટે આ સર્વોત્તમ ગુરુદક્ષિણા ગણાશે.’ અર્જુન જાણતો હતો કે તે આ કામ કરી શકશે. તેને આત્મવિશ્વાસ હતો. પણ કૌરવોમાં ઘમંડ હતો. તેમની પાસે સારા યોદ્ધાઓ હતા. તેમને ગુરુનો એ પડકાર પહેલાં ઝીલીને એ સાબિત કરવું હતું કે તેઓ પાંડવો કરતાં વધુ શક્તિશાળી છે. અર્જુન તેમના મનની વાત સમજી ગયો. એટલે તે શાંત રહ્યો. તેણે દ્રોણાચાર્યને એકાંતમાં લઈ જઈને કહ્યું, ‘એષાં પરાક્રમસ્યાન્તે... આદિપર્વ) ગુરુજી, કૌરવો અભિમાની છે. તેમને પ્રથમ તેમનું પરાક્રમ બતાવવાની તક આપો. તેઓ તેમની શક્તિ બતાવશે ત્યાર પછી જ અમે યુદ્ધ કરીશું. મને ખાત્રી છે કૌરવો યુદ્ધમાં પાંચાલરાજને બંદી નહિ બનાવી શકે.’ દ્રોણાચાર્યએ કૌરવોને બોલાવી પડકાર આપ્યો. ‘શિષ્યો, જાવ ફ્તેહ કરો.’ બીજાને હલકા સાબિત કરવા કે બીજાની પ્રતિભા ખંડિત કરવા ઝીલાતો પડકાર આત્મકલ્યાણનો માર્ગ નથી. પણ કૌરવોનો સ્વભાવ જ દ્વેષી હતો. તેઓ પાંડવોની ભારોભાર ઇર્ષ્યા કરતા. તેઓ પાંચાલ દેશ ગયા. પણ દ્રુપદ અને તેના ભાઈ સત્યજિતની સામે ટકવું સહેલું નહોતું. તેમણે ઘણા પ્રયત્નો કર્યા પણ દુ:શાસન, વિકર્ણ, શકુનિ, કર્ણ, દુર્યોધન અને સુબાહુ જેવા યોદ્ધાઓ દ્રુપદના ઘાતક બાણોથી ઘાયલ થઈ ગયા. દ્રુપદે તેમના ધનુષ, રથ, ઘોડા અને ધજાઓ છિન્નભિન્ન કરી નાખ્યાં. સૌ જીવ બચાવવા બધું મૂકીને મેદાન છોડીને ભાગી ગયા.

હવે પાંડવોનો વારો હતો. અર્જુને મોટાભાઈ યુધિષ્ઠિરને આરામ કરવા રહ્યું. ‘ભાઈ, તમારે સાથે આવવાની જરૂર નથી. અમે ચાર જ પૂરતા છીએ.’ પાંડવો પાંચાલ દેશ પહોંચ્યા. કૌરવો સાથે યુદ્ધ કરી સેના આમેય થાકી હતી. રાજા દ્રુપદ સાથે યુદ્ધ શરૂ થયું. દ્રુપદ સેનાએ પાંડવો પર ઉપરાઉપરી હુમલા કર્યા. મહાભારતકાર લખે છે. (તદ્ યુદ્ધમ ભવહ ઘોરં સુમહાદ્રુતદર્શનમ્) એ યુદ્ધ અત્યંત ભયંકર અને દેખાવમાં અદ્ભુત હતું. છેવટે અર્જુને દ્રુપદને ઘેરી લીધો. (તે યક્ષસેનં દ્રુપદં... દ્રોણાય ભરતર્ષભ:) આમ પાંડવોએ ગુરુનું આહવાન સ્વીકારી અત્યંત કુનેહપૂર્વક દ્રુપદને મંત્રીઓ સહિત યુદ્ધભૂમિમાં બંદી બનાવી દ્રોણાચાર્યની ગુરુદક્ષિણારૂપે સોંપી દીધો.

પડકારને આત્મસાત્ કર્યા વિના તેને પૂરો કરવાની મજા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર, આહ્વાન, ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ, તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ - એ સમજવામાં આપણો મૂલ્યવિવેક ડહોળાઈ ના જાય તેની તકેદારી રાખવી પડે છે. અને તો જ સાહસ પછીનું પરિણામ આપણને આનંદ આપી શકે છે. સામે આવેલો પડકાર શુભ તરફ લઈ જશે કે અશુભ તરફ એ નિર્ણય લેતી વખતે આપણા ભવિષ્યની અને આપણી સમજશક્તિની આકરી કસોટી થાય છે. આહ્વાન જો આત્મકલ્યાણ કારક હોય, પારકાનું હિત કરનાર હોય કે વ્યક્તિ, સમાજ અથવા દેશની આબરૂ વધારનાર હોય તો તેનું સારું પરિણામ સોનામાં સુગંધ મેળવવાનું કામ કરે છે.

૧૮૯૦ની સાલમાં જે એન તાતા એક રોયલ નેવી ચાટ ક્લબમાં દાખલ થતા હતા. ત્યારે તેના સિક્યોરીટી ગાર્ડે તેમને રોક્યા. બાજુમાં લગાડેલું બોર્ડ વાંચવા ઇશારો કર્યો. બોર્ડ પર લખ્યું હતું. ‘ઇન્ડિયન-એટલે કે ભારતી અને કૂતરાને પ્રવેશવાની મનાઈ છે.’ અચાનક વીજળીનો કરંટ લાગ્યો હોય એમ તાતા ડગી ગયા. તેમના આત્મગૌરવને જબરજસ્ત ઠેસ પહોંચી. તે પગથિયાં ઊતરી દરિયાકિનારે એક પાળ પર બેઠા. મનોમન પ્રતિજ્ઞા કરી. તે એવી શાનદાર હોટલ બનાવશે જે અંગ્રેજોએ પહેલાં કદી બનાવી ના હોય ! આ એક વિચાર હતો, જાતે મનોમન ઝીલેલો પડકાર હતો. એક મૌન, ગુપ્ત આહ્વાન હતું. વિચાર વલોવાતો ગયો. આકાર લેતો ગયો અને ૧૯૦૩માં તેમણે મુંબઈમાં એક આલિશાન તાજ હોટલ બનાવી. જે ફક્ત મુંબઈની જ નહિ ભારત દેશની શાન બની ગઈ. સાચો

પડકારને આત્મસાત્ કર્યા વિના તેને પૂરો કરવાની મજા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર, આહ્વાન, ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ, તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ ?

પડકાર ઝીલતાં જ આપણી ભીતર પડેલી ગુપ્ત શક્તિ આળસ મરડીને બહાર આવે છે. આપણે ચાલનાર માણસના અવાજને પારખી શકતા નથી પણ અંધ વ્યક્તિ પગરવ સાંભળીને આવનારને ઓળખી લે છે. તે તો સ્પર્શમાત્રથી અલગ અલગ વસ્તુઓને પણ ઓળખી લે છે. તેમની આંખનું કામ કાન કરે છે. શારીરિક ખોડવાળી વ્યક્તિ કુદરતી રીતે આવી પડેલા પડકારને સહજતાથી સ્વીકારી સામાન્ય જીવન જીવે છે. ઇંડાને બહારથી દબાવવામાં આવે તો તે તૂટી જાય પણ જો ઇંડુ અંદરની શક્તિથી જોર કરે તો એક નવું જીવન અસ્તિત્વમાં આવે છે. એક એક રૂપિયો બચાવી શહેનશાહી સગવડ, બોર્ડર જેવી સિક્યોરીટી અને ભૂલ જાણવા છતાં ટોક્યા વગર આંખ આડા કાન કરનાર મા-બાપ સંતાનો માટે કોઈ ચેલેન્જ રહેવા જ દેતા નથી. એવું બાળક એકલું પડીને કપરું કામ કરી શકશે ? નિર્ભય રહી શકશે ? ભીતર પડેલી અગાધ શક્તિનો ઉપયોગ કરી શકશે ? પોતાની ખુમારીથી વધારાની પ્રગતિ કરી શકશે ? તેના જીવનમાં સાહસ, આશ્ચર્ય, કુતૂહલ કે પડકાર જેવું કંઈ રહેશે જ નહિ.

આજથી ૧૮૦૦ વર્ષો પહેલાં દક્ષિણભારતમાં અમરશક્તિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ત્રણ પુત્રો હતા. બહુશક્તિ, ઉગ્રશક્તિ અને અનંત શક્તિ. રાજમહેલમાં ઠાઠમાઠથી રહેવા ટેવાયેલા હોવાથી તેમની બુદ્ધિ ખીલી નહોતી. તેઓ અતિશય તોફાની અને ઉપદ્રવી હતા. રાજા અમરશક્તિની જિંદગીનું સર્વસુખ આ તોફાની બાળકોએ ચૂસી લીધું હતું. એકવાર રાજાએ રાજસભામાં ચિંતા વ્યક્ત કરી. જે આ બાળકોનું ઘડતર કરી તેમને શિક્ષિત કરશે તેમને નોં માંગ્યું ઇનામ મળશે. પણ આવા નિરંકુશ બાળકોની જવાબદારી કોણ લે ? છેવટે વિષ્ણુ-શર્માએ આ પડકાર સ્વીકારી લીધો. તે ત્રણેયને પોતાના ઘરે લઈ ગયો. સામાન્ય માણસની જેમ થોડા થોડા અભાવમાં રાખ્યા. વિષ્ણુએ તેમની મનોવૃત્તિનો અભ્યાસ કરી નાની-નાની વાર્તાઓ કહેવાનું શરૂ કર્યું. તેણે જીવ-જંતુ, પશુપક્ષી, પર્યાવરણ સંબંધી એક એકથી ચઢિયાતી વાર્તાઓ કહી. છોકરાઓને મઝા પડી. તેઓ ધીરે ધીરે શાંત થતા ગયા. થોડા મહિનાઓ બાદ વિષ્ણુએ તેમને નીતિ, પ્રામાણિકતા, દયા અને રાજનીતિ વિષેનું જ્ઞાન આપ્યું. બાળકો રુચિપૂર્વક વિષ્ણુની વાતો સાંભળતા. છેવટે તેમની બુદ્ધિનો વિકાસ થતો ગયો. તેમના વર્તનમાં, વ્યવહારમાં અભૂતપૂર્વ ફેરફાર થતો ગયો. અંતે છ મહિનામાં તેઓ સંપૂર્ણ તૈયાર થઈ ગયા. રાજા અમરશક્તિ ખુશ ખુશ થઈ ગયો. તેણે વિષ્ણુનું સન્માન કર્યું. વિષ્ણુશર્માની એ સુંદર બાળકથાઓ પંચતંત્ર ના નામે પ્રસિદ્ધ થઈ જે આજે પણ સૌ હોંશથી વાંચે છે.

દરેક સફળ વ્યક્તિએ અસફળ વ્યક્તિ કરતાં પડકારોનો વધારે સામનો કર્યો હોય છે. એનો અર્થ એ નથી કે સુખ, સગવડ કે જીવન જરૂરિયાત માટે પ્રયત્ન ના કરવો. કરવો જ જોઈએ, પણ પાણીનો અભાવ જેમ છોડને કરમાવે છે એમ અતિ પાણીનો ભરાવો આ છોડને કોહવાડી દે છે. સડાવી નાખે છે, જેને પડકાર સ્વીકારી પ્રગતિ કરવી છે તેને ઊંઘ, આળસ, ડર, ગુસ્સો અને બહાનાંનો ત્યાગ કરવો પડે છે.

- સુરેન્દ્ર શાહ

ઉપકારોને ભુલાવી દેતી કૃતઘ્નતા જીવનમાં ન જ જોઈએ... ઉપકારોને યાદ કરાવતી કૃતજ્ઞતા જીવનમાં જોઈએ જ...

અમૃતની અંજલિ

આચાર્ય વિજયરાજરત્નસૂરિ

ધર્મરત્નપ્રકરણગ્રન્થ શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણો દર્શાવે છે તેમાં આજે આપણી ચિંતનયાત્રા વિસ્તારશે ઓગણીશમા ક્રમાંકના ગુણ અંગે. એનું નામ છે કૃતજ્ઞતા. ટીકાકાર ભગવંત આ શબ્દનો શુદ્ધ અર્થ કરતાં આ વ્યાખ્યા કરે છે કે 'પરેણ કૃતમુપકારમવિસ્મૃત્યા જાનાતીતિ કૃતજ્ઞઃ.' ભાવાર્થ કે અન્યોએ પોતાના પર કરેલ ઉપકારને જરા પણ વિસ્મૃતિ વિના જે સતત સ્મરણમાં રાખે-જાણે તે વ્યક્તિ છે કૃતજ્ઞ. આપણે આ વ્યાખ્યાનો હવે વિચાર વિસ્તાર કરીએ.

અન્યો દ્વારા આપણા પર થતા ઉપકારો ભાત-ભાતના જાત-જાતના હોય છે. કો'ક ઉપકારો સાવ સામાન્ય સ્તરના લાગે. જેમ કે આપણે તૃષાતુર થયા હોઈએ- પાણી પાણીની ઝંખના કરતા હોઈએ અને કો'ક કોઠે ટાઢક વળે તેવું ઠંડું જલપાન કરાવે. આપણે ક્ષુધાતુર થયા હોઈએ- ભૂખ ચેન ન પડવા દેતી હોય અને ત્યારે કો'ક બત્રીશ કોઠે દીવા પ્રગટાવે તેવું મધુર ભોજન ભરપેટ કરાવે. તો કોઈ એવા ય ઉપકાર કરે કે જે અસામાન્ય સ્તરનાં લાગે. જેમ કે વ્યવસાયમાં ઉપરાછાપરી પછડાટનાં કારણે વ્યક્તિ જંગી દેવાના બોજ નીચે આવી ગઈ હોય- આત્મહત્યાના વિચારો સુધી પહોંચી ગઈ હોય અને ત્યારે કોઈ શ્રીમંત મજબૂત ટેકો આપી દેવામાંથી બહાર કાઢવા ઉપરાંત આર્થિક સ્તરે સ્થિર કરે. અકસ્માતની ક્ષણે આપણે મૃત્યુમુખમાં પહોંચી ગયા હોઈએ અને કોઈએ અણધારી ચીલઝડપથી આપણને બચાવી લીધા હોય.

કોઈએ વેતનસહિતના ઉપકારોથી આપણું જીવન સજાવ્યું હોય. જેમ કે સ્કૂલના ટીચર્સ. એમણે ખૂબ જહેમત લઈ આપણને દરેક વિષયમાં નિષ્ણાત બનાવ્યા હોય. તો કોઈએ વેતનરહિતના જબરજસ્ત ઉપકારો કરી આપણું જીવન સમજાવ્યું હોય. જેમ કે માતા-પિતા. એમણે વળતરની લેશમાત્ર અપેક્ષા વિના તન-મન-ધનથી આપણને પ્રગતિ કરાવી હોય.. કોઈ ભૌતિક સ્તરના ઉપકારો કરે. જેમ કે ઉપરના તમામ ઉપકારોએ ભૌતિક સ્તરમાં જ આવે.. તો કોઈ આત્મિક સ્તરના ઉપકારો કરે. જેમ કે માતા-પિતા દ્વારા સંતાનમાં સર્વવિરતિનાં લક્ષ્યથી થતું સંસ્કાર સિંચન કે સદ્‌ગુરુભગવંત દ્વારા આત્મકલ્યાણનાં લક્ષ્યથી અપાતો હિતોપદેશ.

ઉપકારો ઉપરોક્ત પૈકી કોઈ પણ પ્રકારના હો. પરંતુ એનું વિસ્મૃતિ વિનાનું સ્મરણ કરવું જ જોઈએ. આ કૃતજ્ઞતા છે, આ ખાનદાની છે. આ સ્મરણથી સામી વ્યક્તિના ઉપકારો તાજા થાય, એ વ્યક્તિ પ્રત્યેનો આદર-અહોભાવ વૃદ્ધિ પામે. અને સબૂર ! કૃતજ્ઞતામાં ઉપકારોનું માત્ર સ્મરણ જ નથી કરવાનું. બલ્કે એથી ય આગળ, જો તક મળે તો, એ ઉપકારી વ્યક્તિ પર યોગ્ય સમયે યોગ્ય ઉપકાર કરીને એમનું ઋણ અદા કરવું જોઈએ. કૃતજ્ઞતાને પાવરફુલ બનાવી આ સ્તરે લઈ જવાય ત્યારે પરિણામ કેવું નેત્રદીપક આવે એ નિહાળવું છે ? તો વાંચો આ સત્ય ઘટના :

બ્રિટનનું એક નાનકડું ગામ. ત્યાં એક ખેડૂત પરિવાર પોતાના ખેતરમાં જ નાનકડી ઝૂંપડી બનાવીને રહે. એક દિવસ અચાનક એમના કાને શબ્દો અથડાયા કે' બચાવો...બચાવો.'' ખેડૂત અને એનો પુત્ર મદદ માટે બહાર ધસી આવ્યા. જોયું તો માર્ગ પર સાયકલસવાર થઈ જઈ રહેલ એક કિશોર સાયકલ પરથી ગબડી જઈ ગાર ભરેલ ખાડામાં પડ્યો હતો. ગાર એવો કીચડ હોય છે કે જેમ જેમ નીકળવાનો પ્રયત્ન કરાય તેમ તેમ ગરકાવ થતા જવાય. પેલા કિશોરની હાલત આવી થઈ હતી. બહાર નીકળવાના પ્રયાસમાં એ અર્ધાથી વધુ અંદર ખૂંપી જવાથી ગભરાઈને ચિલ્લાતો હતો. ગ્રામ્ય ખેડૂતને ગારમાંથી બહાર કાઢવાના પદ્ધતિ ખ્યાલમાં હતી. એણે યુક્તિપૂર્વક કિશોરને સલામત બહાર કાઢ્યો. ઝૂંપડીએ લઈ જઈ સ્નાનની વ્યવસ્થા આપી. એનાં વસ્ત્રો ધોઈ આપ્યા અને એને જમાડીને મોકલ્યો.

કિશોર પણ ગુણિયલ નીકળ્યો. પોતાના પર આટલો મહાન ઉપકાર કરનાર પરિવાર પ્રત્યે કૃતજ્ઞભાવ, એમના માટે કાંઈક કરી છૂટવાનો ભાવ રાખીને કિશોર એના ગર્ભશ્રીમંત પિતાને લઈ બીજા દિવસે ખેડૂતની ઝૂંપડીએ આવ્યો. પિતાએ ખૂબ મોટી રકમ ખેડૂત સામે ધરી. પણ વાહ રે ખેડૂત ! એ ય સવાયો ગુણિયલ હતો. એણે રકમ લઈને ઉપકારનું ફળ વેચવાની મનાઈ કરી. ખૂબ સમજાવવા છતાં ખેડૂત ન જ માન્યો ત્યારે પેલા શ્રીમંતે વધુ પ્રભાવિત થઈ નવો પ્રસ્તાવ કર્યો કે 'તારા આ દીકરાને મારે ત્યાં મોકલ. એને રહેવાનો-ભણાવવાનો તમામ ખર્ચ હું ઉઠાવીશ. એનાથી એનું ભવિષ્ય ઉજ્જવલ થશે.' ખેડૂતને આ વાત યોગ્ય લાગી. એની સંમતિ મળતા પેલા શ્રીમંત ખેડૂતપૂત્રને પોતાના શહેરમાં લઈ ગયા.

વર્ષો બાદ પરિણામ એ આવ્યું કે એ ખેડૂતપુત્ર મેડિકલ લાઈનમાં ખૂબ આગળ વધી ખ્યાતનામ સંશોધક થયો. એણે પેનીસીલીન નામે દવાની શોધ કરી. પેલા શ્રીમંતના એ જ પુત્રને જ્યારે ખતરનાક ન્યૂમોનીયા થયો ત્યારે તે આ જ દવાનાં કારણે નવજીવન પામ્યો ! એ શ્રીમંતનું નામ લોર્ડ રેન્ડોર્ફ ચર્ચિલ, ખેડૂત પરિવાર દ્વારા બબ્બે વાર નવજીવન પામનાર શ્રીમંતપુત્ર એટલે બ્રિટનના વિખ્યાત વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને ખેડુતપુત્ર એટલે ડો. અલેક્ઝાંડર ફ્લેમીંગ.

ઉપકારોનું સ્મરણ નહિ, બલ્કે અવસર આવ્યે પ્રત્યુપકાર કરવો એ કૃતજ્ઞતાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ હોવાનું અને એના પરિણામ કેવા અદ્‌ભુત હોય તેનું પ્રતિબિંબ આ ઘટનામાં ખૂબ હૃદયંગમપણે ઝિલાય છે...

હવે વિચારીએ ગ્રન્થકારે મૂલ ગાથામાં કૃતજ્ઞતાનો જે અર્થસંદર્ભ દર્શાવ્યો છે તે. ગ્રન્થકારે કૃતજ્ઞતાને સદ્‌ગુરુ સાથે ધર્માચાર્ય સાથે સંલગ્ન કરી છે. કૃતજ્ઞતાગુણસંપન્ન વ્યક્તિ ધર્માચાર્યને- સદ્‌ગુરુને કઈ દૃષ્ટિથી કઈ બુદ્ધિથી નિહાળે તે દર્શાવતા ગ્રન્થકાર ફરમાવે છે કે 'બહુ મન્નઇ ધમ્મગુરું, પરમુવયારિત્તિ તત્તબુદ્ધીએ.' ભાવાર્થ કે તત્ત્વદૃષ્ટિએ- પારમાર્થિક દૃષ્ટિએ આ સૃષ્ટિનાં જીવંત વ્યક્તિત્વોમાં-પ્રત્યક્ષ ઉપકારીજનોમાં 'પરમોપકારી' હોય તો તે માત્ર સદ્‌ગુરુ છે આવું માનીને કૃતજ્ઞ વ્યક્તિ ધર્મગુરુનું સદ્‌ગુરુનું બહુમાન હૈયે ધરે.



'ગ્રન્થકારે કૃતજ્ઞતાને સદ્‌ગુરુ સાથે ધર્માચાર્ય સાથે સંલગ્ન કરી છે. કૃતજ્ઞતાગુણસંપન્ન વ્યક્તિ ધર્માચાર્યને- સદ્‌ગુરુને કઈ દૃષ્ટિથી કઈ બુદ્ધિથી નિહાળે તે દર્શાવતા ગ્રન્થકાર ફરમાવે છે કે 'બહુમન્નઇ ધમ્મગુરું, પરમુવયારિત્તિ તત્તબુદ્ધીએ.' ભાવાર્થ કે તત્ત્વદૃષ્ટિએ પારમાર્થિક દૃષ્ટિએ આ સૃષ્ટિનાં જીવંત વ્યક્તિત્વોમાં પ્રત્યક્ષ ઉપકારીજનોમાં 'પરમોપકારી' હોય તો માત્ર સદ્‌ગુરુ છે આવું માનીને કૃતજ્ઞ વ્યક્તિ ધર્મગુરુનું સદ્‌ગુરુનું બહુમાન હૈયે ધરે.'

ગ્રન્થકારની આ વાતને નજરમાં રાખી આપણે એનો થોડો વિચારવિસ્તાર કરીએ. સૃષ્ટિનાં જીવંત પ્રત્યક્ષ વ્યક્તિત્વોમાં સૌથી ઉપકારી વ્યક્તિત્ત્વો ત્રણ છે. જૈન શાસ્ત્રો આ ત્રણે ય વ્યક્તિત્ત્વો માટે 'દુષ્પતીકાર્ય' વિશેષણ પ્રયોગ કરે છે. દુષ્પતીકાર્ય એટલે એવું વ્યક્તિત્ત્વ કે જેના ઉપકારોનો બદલો જલ્દીથી વાળી ન શકાય. આવાં વ્યક્તિત્વોમાં પ્રથમ છે માતા-પિતા. સંતાનના એ જન્મદાતા-જીવનદાતા-સંસ્કારદાતા અને અમૂક અંશે ધર્મદાતા બનીને સંતાન પર એ એવા અદ્‌ભુત ઉપકારો કરે છે કે સંતાન એનો પ્રત્યુપકાર આસાનીથી કરી ન શકે. જૈન ધર્મગ્રન્થો આ માટે સરસ પંક્તિ લખે છે કે 'જાવજ્જીવં પિટ્ઠિવડિંસયાએ પરિવહિજ્જા, તેણાવિ તસ્સ અમ્માપિઉસ્સ દુપ્પડિયારં હવઇ.' ભાવાર્થ કે સંતાન શ્રવણકુમારની માફક આજીવન માતા-પિતાને ખભે ઊંચકીને ફરે, તો પણ માતા-પિતાના ઉપકારનો બદલો ન વાળી શકે.

બીજું આવું વ્યક્તિત્વ છે વ્યવસાયમાં વ્યક્તિનું યોગ-ક્ષેમ કરનાર માલિક અર્થાત્ શેઠ. ધારો કે એ વ્યક્તિને ભરપૂર આર્થિક સહાય કરી એને બધી રીતે વેલસેટ-સમૃદ્ધ બનાવી દે. હવે ભાગ્યયોગે એજ શેઠ દરિદ્રાવસ્થામાં આવી જાય ત્યારે એમના થકી શ્રીમંત થયેલ પેલી વ્યક્તિ પોતાનું સર્વસ્વ આપી દે તો પણ એમના ઉપકારનો બદલો ન વાળી શકે. જૈન ધર્મગ્રન્થો આ નિર્દેશ કરતા સ્પષ્ટ લખે છે કે 'તસ્સ ભટ્ટિસ્સ સવ્વસ્સમવિ દલઇજ્જા, તેણાવિ તસ્સ દુપ્પડિયારં હવઇ.'

ત્રીજું આવું વ્યક્તિત્વ છે સદ્‌ગુરુ. જીવંત-પ્રત્યક્ષ વ્યક્તિત્વોમાં ઉપકારોની દૃષ્ટિએ એ છે સર્વોપરિ તત્ત્વ. માટે જ ધર્મરત્નપ્રકરણકારે એમના માટે 'પરમોપકારી' શબ્દપ્રયોગ કર્યો છે. એમના ઉપકારોને આપણે એક દૃષ્ટાંતથી સંક્ષિપ્તમાં સમજીએ :

પ્રાચીન ગ્રીસદેશના એથેન્સ શહેરના રાજાને એક આદત હતી કે જેને એ મોતની સજા આપવા ચાહે તેને મારી ન નાંખે. પણ લોખંડની બેડીઓથી બાંધી થોડે દૂરના નિર્જન રમણીય ટાપુ પર સૈનિકો દ્વારા મોકલાવી દે. બંધનગ્રસ્ત એ માનવો ત્યાં ભૂખ્યા-તરસ્યા આપમેળે મૃત્યુ પામે. સૈનિકો જેઓને આ રીતે નાવમાં લઈ જાય તે સહુ અંતિમ અંજામ જાણતા હોય એથી રડતા-કકળતા હોય.

એક વાર રાજાએ ગેરસમજથી એક લુહારને આ સજા કરી. સૈનિકો એને ઠેઠ ટાપુ પર લઈ આવ્યા તો ય પેલો બંધનગ્રસ્ત લુહાર નિશ્ચિંત-પ્રસન્ન હતો. ત્યાં કેટલાક જીવતાં બંધકો દર્શાવી સૈનિકોએ કહ્યું : 'તમારા રાજાની સજા અહીં પૂરી થઈ. આ બેડી મેં જ બનાવી છે. એથી એમાંની નબળી કડીઓ તોડીને બંધનમુક્ત કેમ થવાય એ મને આવડે છે. હું તો બંધનમુક્ત થોડી જ વારમાં થઈશ. ઉપરાંત અહીં રહેલ બધાને બંધનમુક્ત કરી અહીં અમે અમારું નવું જીવન માણીશું.'

બસ, આ લુહાર જેવી ઉપકારધારા છે સદ્‌ગુરુની કે જે સ્વયં કર્મબંધનથી મુક્ત થાય છે અને અન્યોને કર્મબંધનથી મુક્ત કરે છે. એ સદ્‌ગુરુ માટેની સરસ પંક્તિઓ ટાંકીને સમાપન કરીએ કે :

સદ્‌ગુરુકી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર,

લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર...


મન સંયમિત, જીવન નિયમિત બનાવીએ

પ્રેરણાની પરબ

આચાર્ય વિજય અક્ષયરત્નસૂરિ

દીવાળી મહાપર્વના દિવસોનું આગમન થાય એટલે સમસ્ત જૈન જનતાના અંતરમાં વિશિષ્ટ આનંદ અને ઉત્સવની રંગોળીઓ અવશ્ય રચાઈ જાય. કારણ કે દીવાળીના દિવસે સમસ્ત જૈનોની શ્રદ્ધાના કેન્દ્ર ચોવીશમાં તીર્થંકર શ્રી મહાવીરપ્રભુ મોક્ષમાં પધાર્યા હતા. અલબત્ત, અમારા માટે પ્રભુવીરના મોક્ષકલ્યાણક ઉપરાંત અંતરમાં ઉત્સવની રંગોળી રચાવાનું બીજું એક મહત્વ કારણ છે અમારા પરમઉપકારી શાસનપ્રભાવક ગુરુદેવ આ.ભ. રાજરત્નસૂરીશ્વરજી મ.નો. જન્મદિવસ. આજથી ૬૦ વર્ષો પૂર્વે વિક્રમ સંવત ૨૦૨૩માં તેમનો જન્મ આસો વદિ-૩૦, દિવાળી મહાપર્વદિને ગુજરાતના ડભોઈ નગરમાં થયો હતો. આજે આપણે ગુરુદેવના જન્મદિનના ઉપલક્ષમાં કરીશું તેમના ગુણોની સ્મૃતિ. તેમના જીવનમાં સર્જાયેલી ગુણશૃંખલામાંથી એક ગુણનું સ્મરણ :

નિયમિતતા એ જીવનની અગત્યની મૂડી છે. જેમણે પોતાના જીવનમાં સફળતા મેળવી હશે કે પોતાના ઉચ્ચ ધ્યેયને હાંસલ કર્યા હશે. તેમાંની મહદંશ વ્યક્તિઓમાં જીવનમાં તમને નિયમિતતા અવશ્ય જોવા મળશે. નિયમિતતાનો આ ગુણ અમારા ગુરુદેવમાં બાલ્યવયથી ખૂબ ઊંડો ઊતરેલો છે અને એટલે જ તેઓ જે લક્ષ્યને નિર્ધારિત કરે એને સર કરીને જ રહે. વિ.સં. ૨૦૪૩ની એટલે કે આજથી ચાલીસ વર્ષો પૂર્વેની વાત. તેઓ બાલમુનિ અવસ્થામાં હતા. સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ જારી હતો. જે પુસ્તકમાંથી અભ્યાસ થઈ રહ્યો



હતો તે પુસ્તક પૂર્ણ થયું. નવું પુસ્તક અમદાવાદથી આવવાનું હતું. આ દરમિયાન મુંબઈ પાસે ભાયંદરમાં અંજનશલાકાપ્રતિષ્ઠા મહોત્સવ આવ્યો. એથી લગભગ એ ચૌદ દિવસોમાં વ્યાકરણનો પાઠ થવાની શક્યતા નહોતી. તેથી ગુરુદેવે નક્કી કર્યું કે આ ચૌદ દિવસોમાં રોજના પચીશ શ્લોક કંઠસ્થ કરવા સાથે પ્રશમરતિ ગ્રન્થ પુર્ણ કરવો. નિયમિતપણે તેમણે પચીશ શ્લોક કંઠસ્થ કર્યા અને તેરમા દિવસે સમગ્ર ગ્રન્થ કડકડાટ સંભળાવી દીધો. કમાલ એ હતી કે તેમાં એકાદ બિન્દુમાત્રની પણ ભૂલ ન આવી અને આ કમાલના મૂળમાં હતી નિયમિતતા.

થોડા સમય પૂર્વે એક મુનિભગવંતની વિનંતીથી ગુરુદેવે એક લેખ આલેખ્યો પોતાના જીવનની સફળતામાં ઉપયોગી બનેલ સૂત્રો ઉપર. તેમાં તેમને પોતાનાં જીવનની સફળતાના સાત મસ્તક સૂત્રોનું આલેખન કર્યું. જેમાં ત્રીજું સૂત્ર હતું નિયમિતતા. આ સૂત્રના સંદર્ભમાં ગુરુદેવે પોતાની જીવનકળા ખૂબ સુંદર રીતે રજૂ કરી છે કે ''કાર્ય આસાન હોય યા મુશ્કેલ, નાનું હોય યા મોટું : દરેક માટે ત્રણ અભિગમ રાખ્યા છે.(૧) જેની જરૂરિયાત પ્રથમ હોય એ કાર્યને અગ્રતા આપવી. (૨) કાર્ય પૂર્ણ કરવાનો સમય નક્કી કરી દરેક કાર્ય બિફોર ટાઈમ (સમયથી પૂર્વે જ) પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો અને (૩) તેમાં 'મૂડ' જેવો વિચારમાત્ર ન રાખીને પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરવું. આનાથી 'સમયના અભાવ'ની ફરિયાદ રહેતી હતી. આપણે સમયને સાચવીશું તો સમય આપણે કેમ નહિ સાચવે ?'' આજે તેઓ હજારો માસક્ષમણ કરાવે છે - એક સાથે ચાર/ચાર માધ્યમોમાં લેખમાળાઓ ચાલુ છે - અનેક સંઘ/શાસન/જિનમંદિર/ઉપાશ્રયાદિના કાર્યો જારી છે. વિહાર અને વ્યાખ્યાનો હોય છે. પણ ગુરુદેવ નિશ્ચિંત છે કારણ તેઓ નિયમિત છે. આવો આજે એ મહાન ગુરુદેવનાં ચરણોમાં સાઈઠમા જન્મદિન અવસરે હાર્દિક વંદના અર્પણ કરવાપૂર્ણ સફળતા હાંસલ કરવા માટેનું એક નવું સૂત્ર અપનાવીએ કે : મન સંયમિત અને જીવન નિયમિત = સફળતા

હે કનૈયા! આપની આંગળીએ આખો ગિરિરાજ સમાયો

‘‘ગોવર્ધન લીલા અને છપ્પન ભોગનો દિવ્ય મહિમા’’

ભારત દેશમાં દ્વાપર યુગમાં ઉત્તર પ્રદેશની પવિત્ર તથા ભવ્ય ભૂમિ મથુરા નગરીમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે અવતાર ધારણ કર્યોહતો. શ્રીકૃષ્ણની દિવ્ય તથા અલૌકિક લીલાઓથી સમગ્ર વ્રજભૂમિ ધન્ય બની છે. મથુરા, ગોકુળ, વૃંદાવન, ગોવર્ધન, બરસાના, નંદગ્રામ અને કુસુમ સરોવર જેવા મનોહર સ્થાનોથી વિભૂષિત આ ભૂમિ ખરેખર વંદનીય તથા પ્રસંશનીય ભૂમિ છે. પવિત્ર યમુના (કાલિંદી) નદી અને ગોવર્ધન પર્વત જેવા પ્રાકૃતિક સૌંદર્યથી શોભતી આ વ્રજભૂમિ પૃથ્વી પર વૈકુંઠ સમું તીર્થધામ છે. આ પુનિત ક્ષેત્રમાં કલકલ વહેતી કાલિંદી તથા ગિરિરાજ ગોવર્ધનની વનરાજી ભૂમિ આકર્ષણનું અને દિવ્યાનુભૂતિનું પ્રવેશદ્વાર છે, ભક્તિરસનું કેન્દ્ર છે. વ્રજભૂમિ વહાલા કનૈયાની સ્મૃતિઓથી ઝગમગે છે. કાનુડાની દિવ્ય સ્મૃતિઓ આ ધરતી પર મધ્યમધ્યે છે. ભગવાન શ્રીકૃષ્ણની આ લીલા ભૂમિ સૌંદર્યનું, આસ્થાનું અને આધ્યાત્મિકતાનું હૃદયરૂપ શ્રી તીર્થધામ છે.

ભગવાન શ્રીકૃષ્ણને આસો વદ અમાસ એટલે કે દિવાળીના બીજે દિવસે નૂતન વર્ષના પ્રારંભે અન્નકૂટના શુભ દિવસે ‘છપ્પન ભોગ’ ધરાવવાનો આ સુંદર મહોત્સવ શ્રીગિરિરાજની પૌરાણિક કથા સાથે જોડાયેલો છે.

કૃષ્ણભક્તિના અખંડ રસથી તરબતર વ્રજની પાવન ધરા પર ગિરિરાજ ગોવર્ધન પ્રકૃતિનું અણમોલ ઘરેણું છે. પરમ પૂજનીય તથા મંગલકારક ગિરિરાજ પર્વતની રજે રજમાં કનૈયાના બંસરીના સંગીતમય દિવ્ય સૂર આજે પણ અવિરતપણે ગુંજી રહ્યાં છે. આ અનાહત નાદ એ કોઈ ભૌતિક ધ્વનિ નથી, પરંતુ એક દિવ્ય સ્પંદન છે. જે માનવ પરમાત્માના અનન્ય પ્રેમમાં નિમગ્ન છે, તે પુણ્યશાળી સાધક આ અલૌકિક સૂરને પોતાના હૃદયમાં અનભવવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

દ્વાપર યુગમાં વ્રજવાસીઓ દેવોના રાજા ઈન્દ્રની પૂજા, પ્રાર્થના તથા અર્ચના કરતા હતા. વ્રજભૂમિ પર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના આગમનથી વ્રજભૂમિમાં નૂતન ઉર્જા તથા દિવ્ય ચેતનાનો સંચાર થયો. ભગવાને વ્રજવાસીઓને સમજાવ્યા કે :‘‘આપણું સાચું પાલનપોષણ કરનાર, વિવિધ ઔષધિઓ આપનાર, લીલુછમ ઘાસ આપનાર શ્રીગિરિરાજ ગોવર્ધન પર્વત છે. માટે ગોવર્ધન પર્વત કે જે પ્રકૃતિનું જીવંત પ્રતીક છે તેની પૂજા કરવી જોઈએ.’’ પરમાત્માના આ અર્થસભર ઉપદેશને શિરોમાન્ય રાખી પ્રજાજનો દેવરાજ ઈન્દ્રને બદલે ગિરિરાજ ગોવર્ધન પર્વતની પ્રાર્થના તથા પૂજા કરવાનું શરૂ કર્યું. તેથી દેવરાજ ઈન્દ્રને આ ગમ્યું નહીં. અહંકારમાં અંધ બનેલા ઈન્દ્રદેવને પ્રકૃતિસન્માનનો આદરભાવ ગમ્યો નહિ તેથી તેમણે વ્રજભૂમિ પર મૂશળધાર વરસાદ વરસાવવાનું શરૂ કર્યું. પ્રલયકારી વરસાદથી વ્રજવાસીઓ ભયભીત બનીને શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજના લોકોની દ્રઢ શ્રદ્ધાથી પ્રભાવિત થઈ, ભક્તોની આર્તવાણી સાંભળીને તેમના રક્ષણ માટે કરુણાસાગર પ્રભુ શ્રીકૃષ્ણે માત્ર એક ટચલી આંગળી પર વિશાળ ગોવર્ધન પર્વતને છત્રની જેમ ધારણ કરી લીધો. સાત દિવસ અને સાત રાત્રિ સુધી આ સંકટ સમયે વ્રજવાસીઓનું રક્ષણ કર્યું. તથા ગોપ-ગોવાળોએ કૃષ્ણપ્રેમમાં મગ્ન બની પોતાની લાડકીઓનો ટેકો આપ્યો. આ દિવ્ય લીલાપ્રસંગ માનવજાતને સંદેશ આપે છે કે ગમે તેવડી મોટી સમસ્યા કે આપત્તિ સર્જાય પણ જો પરસ્પર એકતા, સંપ, સહકાર અને સહાનુભૂતિથી કાર્ય કરવામાં આવે તો મહાન સંકટ આવે તો તેને પાર કરી શકાય છે. માનવ સંપ અને સહકારથી જીવન જીવે તો કઠિન કાર્ય પણ સુગમ બની જાય છે. કહ્યું છે કે, ‘‘ઝાઝા હાથ રળિયામણા’’ અને ‘‘સંપ ત્યાં જંપ’’. આ પ્રકારની સકારાત્મક શીખ દિવ્ય-લીલાનો પ્રસંગ આપે છે. પ્રકૃતિ-પૂજા તથા પર્યાવરણના સંરક્ષણનો સુંદર બોધ આ પ્રસંગ નિરૂપે છે. જ્યારે ઈન્દ્રદેવનો અહંકાર ઓગળ્યો અને વરસાદ બંધ થયો, ત્યારે વ્રજવાસીઓ ભયમુક્ત થયા. વ્રજવાસીઓએ ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા કે આભાર વ્યક્ત કરવા માટે પર્વત સમાન વિવિધ ચોસઠ પ્રકારની વાનગીઓનો ઢગલો કરીને ભોગ ધરાવેલો હતો, ત્યારથી આ અન્નકૂટ મહોત્સવનો પ્રારંભ થયો હતો. જે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ તરીકે અમર થઈ ગયો, મથુરા-વૃંદાવન, શ્રીનાથજી (રાજસ્થાન) ગુજરાતના સ્વામિનારાયણ મંદિરો, કાશી વિશ્વનાથ મંદિર (વારાણસી), જગન્નાથપુરી (ઓડિશા) અને દક્ષિણ ભારત, ગુજરાતના વૈષ્ણવ સંપ્રદાયમાં, અયોધ્યા તથા ભારતભરમાં અન્ય સ્થળોએ આ મહોત્સવ ભાવપૂર્ણ રીતે છપ્પન ભોગ ભગવાનને ધરીને ભક્તિભાવથી ઉજવવામાં આ છે. વિશિષ્ટ શણગારનું પણ અયોજન થાય છે. આ મહોત્સવ માનવજાતને પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતા, અહંકારનો નાશ અને પરમાત્મા પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા તથા શરણાગતિનો સંદેશ આપે છે.

દિનેશ એલ. જોષીપુરા

પારસમણિ નહીં, પ્રભુભક્તિનો આખો રસમણિ

તુકારામે કહ્યું : ’મારી પાસે ’પા’ રસમણિ નહીં પણ ’આખો’ રસમણિ છે. પારસમણિ તો માત્ર લોખંડને જ સોનું બનાવે, જ્યારે પ્રભુભક્તિ રૂપી આખો રસમણિ તો બીજા પારસમણિનું સર્જન કરે.

તુકારામ. મહાન સમભાવી સંત. ઉપકારી ઉપર તો ઉપકાર કરે જ, પણ અપકારી ઉપર પણ ઉપકાર કરે. કોઈ પ્રત્યે ભીતર અંશ દ્વેષ નહીં.

તુકારામ જે ગામમાં રહેતા હતા, એ જ ગામમાં શિવો કંસારો નામનો એક બ્રાહ્મણ રહેતો. તે તુકારામનો કટ્ટર દુશ્મન હતો. તુકારામનું નામ સાંભળવા મળે કે સામે મોઢું દેખાઈ જાય, તોય તેની ભીતર આગ સળગે.

એક દિવસ એક ઘટના વિચિત્ર બની. એક ગરીબ ગામમાં આવ્યો. તેની પુત્રી પરણાવવા લાયક થઈ હતી, પણ તેની પાસે કંઇ જ ન હતું. તે ટીપ કરવા આવ્યો હતો, તો ગામના કેટલાક યુવાનોએ તેને ચઢાવીને તુકારામને ત્યાં મોકલી દીધો. તુકારામે સ્નેહસભર સ્વાગત કરી, આવવાનું કારણ પૂછ્યું, તો તેણે પોતાની અંતરની વાત દુખતાં હૃદયે કરી. તુકારામે તેને શિવાભાઈ કંસારા પાસે જવાનું સૂચન કર્યું, અને કહ્યું : ’એ જે લખાવશે, તેટલી ટીપ મારા તરફથી સમજજો.’ તે ગરીબ શિવાભાઈને ઓળખતો ન હતો, તેથી સાથે કોઈને ઘર બતાવવા મોકલ્યો.

તે ગામના યુવાનની સાથે ગરીબ શિવાભાઈનાં ઘરે ગયો. તુકારામે ટીપ માટે મોકલ્યા છે, એ સાંભળતા જ તે આગબબુલો થઈ ગયો. તુકારામને ખૂબ ગાળો બોલી, જોકે તે ના આપે ત્યાં સુધી પાછા આવવાનું ન હતું, તેથી ગરીબે ’મોરે તો અઠેસ દ્વારકા.’ કરી. આખરે કંટાળીને લપથી છૂટવા શિવાભાઈએ ક્રોધમાં ને ક્રોધમાં ઘસાઈ ગયેલો તાંબાનો જૂનો ઢબુ પૈસો ઘરમાંથી કાઢ્યો. ગરીબ સામે ફેંકતા કહ્યું : ’લે, આ મારા બે પૈસા.’ ગરીબ યુવાન સાથે પાછો તુકારામને ત્યાં આવ્યો. તુકારામે ગરીબનો ઢબુ પૈસો હાથમાં લઈ તરત પોતાનાં ઘરની સગડીની આગમાં નાંખ્યો. થોડી વાર પછી બહાર કાઢ્યો, તો તે પૈસો સોનાનો સિક્કો બની ગયો હતો. ગરીબને આપતા કહ્યું : ’આ શિવાભાઈનો સોનાનો સિક્કો ! હવે તમારે ટીપ કરવાની કોઈ જરૂર નથી. આમાં પુત્રીનું આખું લગ્ન થઈ જશે !’ ગરીબ હરખાતો પોતાનાં ઘર તરફ ગયો.

આ બાજુ આ વાત આખા ગામમાં પ્રસરી ગઈ. ફરતી ફરતી શિવા કંસારા પાસે પણ આવી. તેને થયું કે, ચોક્કસ તુકારામ પાસે પારસમણિથી વિશેષ રત્ન હોવું જોઈએ, નહીંતર તાંબાનું સોનુ તો કઈ રીતે બની શકે ? પારસમણિની લાલચે તે તુકારામ પાસે ગયો. પગમાં પડી ખૂબ રડ્યો. વારંવાર ક્ષમાયાચના કરી. સ્વાર્થ હોય ત્યારે વ્યક્તિ શું ના કરી શકે ? તુકારામે ઉદાર હૃદયે માફી આપી. હવે શિવો તેઓની સેવામાં દિન-રાત તેમની સાથે જ રહે છે. ભજન ને ભોજન બધું



તેમની સાથે જ કરે છે. મહિના સુધી સાથે રહ્યા છતાં પારસમણિ ના દેખાયો, એટલે તુકારામ બહાર ગયા હતા, ત્યારે આખું ઘર ફેંદી નાંખ્યું. અચાનક તુકારામ આવ્યા, ઘરને ફેંદેલું જોઈ તેમને ખ્યાલ આવી ગયો. નિર્લજ્જતાથી શિવાએ તુકારામને પૂછ્યું : ’મેં સાંભળ્યું છે કે તમારી પાસે પારસમણિ છે. જો હોય તો હજી સુધી મળ્યો કેમ નહીં ?’ તુકારામે કહ્યું : ’મારી પાસે ’પા’ રસમણિ નહીં પણ ’આખો’ રસમણિ છે. પારસમણિ તો માત્ર લોખંડને જ સોનું બનાવે, જ્યારે પ્રભુભક્તિ રૂપી આખો રસમણિ તો બીજા પારસમણિનું સર્જન કરે. અર્થાત્ હું તો પ્રભુભક્ત હતો જ, પણ તનેય પ્રભુભક્ત બનાવી દે.’ શિવાભાઈને હવે તુકારામનું રહસ્ય સમજાયું. ત્યારથી તેઓ પ્રભુના અને તુકારામના પરમભક્ત બની ગયા.

ચાલો, દિવાળી ટાણે મનને પણ માંજીએ...

ઋમઝૂમ કરતી આવી રહેલી દિવાળીને વધાવવા યુધ્ધના ધોરણે આપણે સૌ તૈયારીમાં વ્યસ્ત છીએ. ઘરના ખૂણેખાંચરેથી કચરો સાફ કરીને ઘરને ચકાચક બનાવીને સાથોસાથ પોતે પણ નવાં વાઘા ખરીદવામાં વ્યસ્ત છીએ. વાતાવરણમાં દિવાળીની સુગંધ વર્તાઈ રહી છે.

તેમ છતાં એક વાતની નોંધ લેવી જ રહી. બાહ્ય સફાઈનો આનંદ લેવા માટે મનને પણ માંજવું પડશે, ઉટકવું પડશે. મનમાં મેલ રાખીને મનમાં ઈર્ષા અને અદેખાઈઓ રાખીને, માત્ર બાહ્ય મેકઅપને જ પ્રાધાન્ય આપીશું તો ચાર દિનકી ચાંદની ફિર અંધેરી રાત જેવા હાલ થશે. દેવસ્થાનકે દીવો કરવા માટે પણ આપણે આજુબાજુનો કચરો સાફ કરીએ છીએ. તો પછી આપણા મનના ઝાળાં અને કચરાને જેને માત્ર આપણે જ જાણીએ છીએ તે સાફ કેમ નથી કરતા ?

દિવાળી તો અજવાળાનો તહેવાર છે. અંધકારને દૂર કરવાનો પ્રસંગ છે. આપણું અજવાળું આપણા ખિસ્સામાં જ છે. આ અજવાળું એટલે જ્ઞાનનું અને સમજણનું અજવાળું. આ બંને અજવાળાના અભાવે જ આપણા જીવનમાં અંધકારના ઓળા ઉતરે છે. પ્રેમના અને જ્ઞાનના દીવડા પ્રગટાવવા સૌ પ્રથમ તો આપણે જ્ઞાનના પાણીથી



લાગણીઓને ધોવી પડતી હોય છે. લાગણીઓ માત્ર પ્રેમ જ ઝંખે છે.

આપણે કોઈ વસ્તુને માંજીએ એટલે કેવી સરસ લાગે છે !! પહેલાના જમાનામાં દિવાળી ટાણે માંજેલા તાંબા-પિત્તળના વાસણો ઘરની શોભામાં અભિવૃધ્ધિ કરતા હતાં. તો વિચાર કરો, માણસ જાતે જો પોતાને ઉટકે તો ભીતર કેટલું ચોખ્ખુંચણાક થાય. બસ આ દિવાળીએ એક આનંદ ઉત્સવ છે. પૂરા થતા વર્ષને દિકરીને જેમ વિદાય આપવાનો આનંદ અને નવીન વર્ષને નવવધૂને વધામણીનો આનંદ.

ચાલો, દિવાળી ટાણે જાતના ખુદ પરીક્ષક અને નિરિક્ષક બનીને દિવાળી જેવી ચેતના અને ઉજાસ જીવનમાં લાવવા અંદરથી સાફસુફી કરીને, દિલના કમાડને ખુલ્લા રાખી પ્રેમના અને જ્ઞાનના દીવડાં પ્રગટાવીએ. સાથીયાઓની સાક્ષીએ હૃદયના દ્વારે ‘રંગોળી’ બનાવીએ. દિવાળી અને નવીનવર્ષની શુભકામનાઓ.

- દિલીપ રાવલ



દીપોત્સવી પર્વોત્સવ

ધન તેરસ - કાળી ચૌદસ
દિવાળી અને બેસતુ વર્ષ



આખા વરસનું આ મહાપર્વ છે. આનંદ અને ઉત્સાહનું મહાપર્વ એટલે આ દીપોસ્વી પર્વ. આ ચાર દહાડે આનંદમાં- સુખમાં વ્યતીત થાય છે. દીપોત્સવી પર્વ એટલે આનંદનો ઉત્સવ, ઉલ્લાસનો ઉત્સવ, પ્રસન્નતાનો ઉત્સવ, પ્રકાશનો ઉત્સવ ! દીપોત્સવી એ કેવળ એક ઉત્સવ નથી, પરંતુ ઉત્સવોનું સ્નેહ સંમેલન છે, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતુંવર્ષ આ વિભિન્ન સાંસ્કૃતિક વિચારધારાઓ લઈને આ ઉત્સવમાં સમ્મિલિત થયા છે. જાગૃત સમાજ પૂર્વક જો આ ઉત્સવ ઉજવવામાં આવે તો માનવજીવનનું સુસ્પષ્ટ દર્શન એમાંથી સાંપડી રહે.



ધનતેરસ-ધન્વન્તરિ જયંતિ

વિષ્ણુભગવાનનાં ૨૪ અવતારોમાં શ્રી ભગવાન ધન્વન્તરિ એ બારમો અવત્તાર છે. ભગવાન ધન્વન્તરિ આયુર્વેદના પ્રવર્તક છે એટલે આયુર્વેદ-આરોગ્યના દેવતા છે. આસોમાસનાં કૃષ્ણપક્ષની તેરસ તે ભગવાન ધન્વન્તરિનો પ્રાગટ્ય દિવસ છે. જેણે આ જગતને આરોગ્ય શાસ્ત્રની ભેટ ધરી, માનવીઓના દુ:ખો દુર કરવા તેઓ અવતર્યા હતા. એ કહેવું ઉચિત છે કે વિશ્વમાં આરોગ્ય શાસ્ત્રની ઉત્પતિ અને તેનો જન્મ ભારતમાંજ થયો છે. આ એક આપણા સહુ માટે ગૌરવપદ અવિસ્મરણીય વિરલ ઘટના છે. તેમણે તેમના 'શિષ્ટ' સુશ્રુત વગેરે દ્વારા આયુર્વેદનો વિસ્તાર કરેલો છે. તેઓ વિશ્વના આરોગ્યનાં દેવતા છે. આથી ધનતેરસને વૈદ્યો 'ધન્વન્તરી જયંતી' તરીકે પણ ઉજવે છે. આ આરોગ્યનું દિવ્યપર્વ છે.

મહાલક્ષ્મી પૂજન

ધનતેરસ સાથે લક્ષ્મી પૂજનનું પણ મહત્ત્વ રહેલું છે. મહાલક્ષ્મીનાં પૂજનનો પણ આ દિવસનો ખૂબ મહિમા છે. આ પર્વમાં સંપત્તિને ઉપભોગ દ્રષ્ટિએ નહિ પરંતુ ઉપાસનાની દ્રષ્ટિથી પૂજન કરવાનો મહિમા છે.

ઉપાસનાની દ્રષ્ટિ આવતા જ માણસનો જીવન તરફનો અભિગમ બદલાઈ જાય છે. ભારતીય ઋષિઓએ સંપત્તિને વિષ્ણુપત્ની ગણી તેની ઉપાસના કરી છે. તેને પૂજામાં સ્થાન આપ્યું છે. 'મા' કહીને હાંક મારી છે અને સામાન્યમાં પાસે બાળક લાડથી માંગે તો સામાન્યમા પણ તેને ના નથી પાડતી. માંગે તે આપે છે. ઉલ્લું હજું આપું ?? એમ પૂછે છે તો વિષ્ણુપત્ની એ તો જગદમ્બા છે. જગતજનની છે. તેથી ઋષિઓએ તેની પાસે 'શ્રીસૂકત'માં અનપગામિની લક્ષ્મી માંગી છે. વૈભવ કાયમ રહે, સુસ્થિર રહે એવી માંગણી કરી છે. વૈભવ લક્ષ્મી ત્યારે જ સ્થિર અને સ્વસ્થ રહે જ્યારે નારાયણ સાથે હોય. એટલે લક્ષ્મીનારાયણની પૂજાનું મહત્ત્વ છે.



લક્ષ્મી 'મા' છે : લક્ષ્મીતો આપણી મા છે. તેથી માનું પૂજન કરવાનું છે.

મહાલક્ષ્મી ચવિંન હે વિષ્ણુપત્ની ચ ધીમહિ । તન્નો લક્ષ્મી પ્રચોદયાત ।। (શ્રીસૂક્ત)

'વિષ્ણુપત્નીનું હું ધ્યાન ધરૂ છું, ને મહાલક્ષ્મીને હું જાણું છું, તે લક્ષ્મી અમારા મન અને બુદ્ધિને પ્રેરણા આપો, કહી તેની પાસે પ્રસન્નતા માંગવાની અને એ વાત તો નિર્વિવાદ છે કે મા હંમેશા પ્રમાણિક તથા સદાચારી દીકરા ઉપર પ્રસન્ન થાય છે.

મહાલક્ષ્મી એટલે ? હકીકતમાં તો આપણે ત્યાં લક્ષ્મીનું નહીં, મહાલક્ષ્મી પૂજનનું મહત્ત્વ છે. મહાલક્ષ્મી એટલે વધુ લક્ષ્મી નહીં. પરંતુ જે લક્ષ્મી પ્રભુકાર્ય માટે, સેવા માટે તથા સદુપયોગ માટે વપરાય તે મહાલક્ષ્મી ગણાય. તેનું પૂજન કરવાનું હોય. પ્રમાદથી અણસમજથી રૂઢ થયેલા અલક્ષ્મીને પૂજનમાં અને લક્ષ્મીપૂજનના ભાવને મહાલક્ષ્મી પૂજનમાં બદલાવાનાં ભાવનો આ દિવસનો મહિમા છે.

મહાલક્ષ્મી ચવિ'ન હે વિષ્ણુપત્ની ચ ધીમહિ । તન્નો લક્ષ્મી પ્રચોદયાત ।। (શ્રીસૂક્ત)
'વિષ્ણુપત્નીનું હું ધ્યાન ધરૂ છું, ને મહાલક્ષ્મીને હું જાણું છું, તે લક્ષ્મી અમારા મન અને બુદ્ધિને પ્રેરણા આપો, કહી તેની પાસે પ્રસન્નતા માંગવાની અને એ વાત તો નિર્વિવાદ છે કે મા હંમેશા પ્રમાણિક તથા સદાચારી દીકરા ઉપર પ્રસન્ન થાય છે.

નરક ચતુર્દશી (ચૌદસ)

નરકાસુર રાક્ષસની વૃત્તિને મારવાનો આ દિવસ છે આ દિવસે કેટલાક તાંત્રિકો કાળભૈરવની ઉપાસના પણ કરે છે. આપણા મનમાં રહેલ નરકાસૂર વૃત્તિ- આસૂરીવૃત્તિનો નાશ કરવાનો આ દિવસ છે. આ દિવસમાં મહાકાલીનું પૂજન કરાય છે.





દિપોત્સવી પર્વ

દીપોત્સવી એટલે વરસની આખરનો દિવસ સરસ્વતી પૂજનનો દિવસ, ચોપડા પૂજનનો દિવસ. વૈદિક સંસ્કૃતિની કરોડ રજજુ સમાન, વર્ણવ્યવસ્થાનું ખંડન કરનાર, આસુરીવૃત્તિ અને ભોગવૃત્તિવાદી વિચારનાં પુરસ્કર્તા બલિ ન દર્મન, વામન ભગવાને આજ દિવસે કર્યું હતું અને લોકોએ ઉત્સવમનાવી ઘરેઘરે દીપ પ્રગટાવ્યા.

'અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક એટલે દીપોત્સવી દીપોત્સવી એટલે આસુરી વૃત્તિ ઉપર દૈવી સંપત્તિનો વિજય, દીપોત્સવી એટલે હતાશામાંથી આશાનો સંચાર, દીપોત્સવી એટલે અંધકારમાંથી પ્રકાશમાં પ્રયાણ.

'દીવો'એ જ્ઞાનનું પ્રતીક છે અંતરમાં દીવો પ્રગટાવો એટલે જીવનની નિશ્ચિત વિષયક દ્રષ્ટિથી દિવાળી પર્વની ઉજવણી કરવી.

तमसो मा ज्योतिर्गमय ।। આ ઉપનિષદનો મંત્ર બોલાય જ છે. જીવનમાં આ મંત્રની સાધના એ જ જીવન પંથ છે.

અંધકાર એટલે પ્રભુનું વિસ્મરણ તથા જીવનમાં પ્રભુ વિન્મુખતા. એવા ગાઢ અંધકારમાંથી ઇશ્વરાભિમુખ વૃત્તિ રાખી. પ્રભુ કાર્ય રૂપી પ્રભુ પ્રકાશ તરફ ડગલા ભરવા અને સાધના રૂપી અંતરમાં દીવો. (જ્ઞાનજ્યોત) પ્રજવલિત કરવો. અજ્ઞાન અને મોહના ગાઢ અંધકારમાંથી જ્ઞાનનાં પ્રકાશ તરફનું પ્રયાણ એટલે દીપોત્સવીની ઉજવણી.



નવું વરસ

નવું વરસ એ બલિ પ્રતિપદા કહેવાય છે. તેજસ્વી વૈદિક વિચારોની ઉપેક્ષા કરી વર્ણાશ્રમ વ્યવસ્થાને ઉધ્વસ્ત કરનાર બલિનો વામને પરાભવ કર્યો. તેની સ્મૃતિમાં બલિ પ્રતિપદાનો ઉત્સવ ઉજવવા લાગ્યો.

બલિરાજા અસૂર હતો. પરંતુ તેનામાં પણ ઘણા સારા ગુણો પણ હતા. દુશ્મન હોય તો શું થયું ? તેનાં સારા ગુણો અપનાવવા જોઈએ. દુર્ગુણોનો ત્યાગ કરવો. બલિરાજાના ગુણોનું પૂજન થવું જોઈએ. તેની યાદમાં વામન ભગવાને દિવસ નક્કી કર્યો અને તે દિવસ એટલે બલિપ્રતિપદા.. તે દિવસે ભગવાન પોતે બલિરાજાના દ્વારપાળ થયા. અને તે ભાવના લક્ષમાં રાખીને તે દિવસ બલિપ્રદા તરીકે જાહેર થયો. અને એજ દિવસ એટલે આપણું બેસતું વર્ષ. ગુણપૂજનનું પ્રતીક એટલે નવા વર્ષનો મંગલ પ્રારંભ.

- ડો. ઉમાકાંત જોષી

ઉદ્ધવજીએ વર્ણવેલી ભગવાન શ્રીકૃષ્ણની કથા

શ્રીમદ્ ભાગવતજીના ત્રીજા સ્કંધના બીજા અધ્યાયમાં ઉદ્ધવજી અને વિદુરજી બન્નેનું મિલન થયું છે. જ્યારે દુર્યોધને વિદુરજીનું અપમાન કર્યું તે સમયે વિદુરજીએ મનમાં નિશ્ચય કર્યો કે મારે તિર્થયાત્રા કરવા જવું છે. પોતાનું સમૃદ્ધિમાન ઘર છોડી વિદુરજી તિર્થયાત્રા કરવા ગયા. તિર્થયાત્રા કરતા-કરતા શ્રી યમુનાજીના તટે પધાર્યા. જ્યાં ઉદ્ધવજી સાથે તેમનું મિલન થયું. ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને જ્ઞાન આપ્યું, પાદુકા આપી અને કહ્યું કે તમે બદ્રિકાશ્રમમાં જાવ. ઉદ્ધવજી ભગવાનની આજ્ઞાથી બદ્રિકાશ્રમ જવા નિકળ્યાં. એ પણ યાત્રા કરતા-કરતા યમુનાજીના તટ ઉપર આવ્યાં. વિદુરજી સાથે મિલન થયું. વિદુરજી અને ઉદ્ધવજી બન્ને ભગવાનના ભક્તો છે. ઉદ્ધવજીએ ભગવાન શ્રીકૃષ્ણની કથા વિદુરજીને કહી.

ઉદ્ધવજી બોલ્યાં - વિદુરજી ! શ્રીકૃષ્ણરૂપી સૂર્યના અસ્ત થવાથી અમારાં ઘરોને કાળરૂપી અજગર ગળી ગયો છે, તે શ્રીહીન થઈ ગયાં છે. હવે હું તેમના શા કુશળક્ષેમ કહી સંભળાવું!? જેમણે નિરંતર શ્રીકૃષ્ણ સાથે રહેવા છતાંય તેમને ઓળખ્યા નહીં, જેવી રીતે અમૃતમય ચંદ્રમાના સમુદ્રમાં રહેવા છતાં માછલીઓ તેમને ઓળખી શકી ન હતી. સંકેતને પારખનારા બુદ્ધિમાન યાદવો ભગવાનની સાથે રહેતા હતા અને ભગવાનના ભક્ત હતા, અને શ્રીકૃષ્ણને તેમના પ્રમુખ અને સર્વભૂતોમાં નિવાસ કરનારા પરમાત્મા માનતા હતા. જેમણે ક્યારેય તપ કર્યું નથી તેવા લોકોને પણ આટલા દિવસો સુધી દર્શન આપીને હવે, તેમની દર્શનલાલસાને તૃપ્ત કર્યા વિના જ તે ભગવાન શ્રીકૃષ્ણ પોતાનો ત્રિભુવન-મોહન શ્રીવિગ્રહ દેખાડીને અંતર્ધાન થઈ ગયા છે અને એમ કરીને તેમણે જાણે તેમનાં નેત્ર જ છીનવી લીધા છે. ભગવાને પોતાની યોગમાયાનો પ્રભાવ દેખાડવા માટે માનવલીલા અનુરૂપ જે દિવ્ય શ્રીવિગ્રહ પ્રગટ કર્યો હતો તે એટલો સુંદર હતો કે તેને જોઈને સઘળું જગત તો મોહિત થઈ જ જતું હતું, તેઓ પોતે પણ ચકિત થઈ જતા હતા. સૌભાગ્ય અને સૌંદર્યની પરાકાષ્ઠા હતી તે રૂપમાં.

ધર્મરાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ-પ્રસંગે જ્યારે ભગવાનના આ નયનાભિરામ રૂપ પર લોકોની દ્રષ્ટિ પડી ત્યારે ત્રિલોકીએ એમ જ માન્યું હતું કે માનવસૃષ્ટિની રચના બાબતે વિધાતાની જેટલી ચતુરાઈ છે તે બધી જ આ રૂપના નિર્માણમાં પૂરી થઈ ગઈ છે. તેમના પ્રેમપૂર્ણ હાસ્યવિનોદથી અને લીલામય દૃષ્ટિથી સમ્માનિત થતાં વ્રજબાળાઓની આંખો તેમના જ પ્રત્યે લીન થઈ જતી હતી તેમના ચિત્ત પણ તલ્લીન થઈ જતા હતા.

ઉદ્ધવજી બોલ્યાં - વિદુરજી ! શ્રીકૃષ્ણરૂપી સૂર્યના અસ્ત થવાથી અમારાં ઘરોને કાળરૂપી અજગર ગળી ગયો છે. હું તેમના શા કુશળક્ષેમ કહી સંભળાવું!? જેમણે નિરંતર શ્રીકૃષ્ણ સાથે રહેવા છતાંય તેમને ઓળખ્યા નહીં

ચરાચર જગત અને પ્રકૃતિના સ્વામી ભગવાને જ્યારે પોતાના શાંતરૂપ મહાત્માઓને પોતાના જ ઘોરરૂપ અસુરોથી સતાવતા જોયા ત્યારે તેઓ કરુણાભાવથી દ્રવી ઉઠ્યા. અજન્મા હોવા છતાં પણ વસુદેવજીને ત્યાં જન્મ લેવાની લીલા કરી. તેમણે કંસના ત્રાસથી લોકોને મુક્ત કર્યા. ભગવાનની આ અદ્‌ભુત લીલાઓ છે. જમણે કાળરૂપ પોતાના ભ્રૂકુટિ-વિલાસથી જ પૃથ્વીનો સઘળો ભાર ઉતારી લીધો હતો તે શ્રીકૃષ્ણના પાદ-પદ્મ-પરાગનું સેવન કરનારો મનુષ્ય મહાન છે. જેને પામવા મોટા મોટા યોગીઓ સમ્યક્‌પણે યોગસાધના કરીને સ્પૃહા કરતા રહે છે. તેમનો વિરહ કોણ સહી શકે !? સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ત્રણે લોકના અધીશ્વર છે. તેઓ પોતાના સ્વયંસિદ્ધ ઐશ્વર્યથી જ હંમેશ પૂર્ણકામ છે. ઈન્દ્ર વગેરે અસંખ્ય લોકપાલો અનેક પ્રકારની ભેટો લાવી પોતપોતાના અગ્રભાગથી તેમના ચરણકમળ મૂકવાની પીઠિકાને પ્રણામ કરતા રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણએ ધનનો સદ્‌વ્યય કરાવવાની ઈચ્છાથી નંદબાબા પાસે શ્રેષ્ઠ બ્રાહ્મણો દ્વારા ગોવર્ધન પૂજારૂપે ગો-યજ્ઞ કરાવ્યો. સંધ્યાવેળાએ જ્યારે આખાય વૃંદાવનમાં શરદના ચંદ્રમાની ચાંદની છવાઈ જતી ત્યારે શ્રીકૃષ્ણ તેનું સન્માન કરતા-કરતા મધુર ગાન કરતા હતા અને ગોપમંડળીની શોભા વધારતા, તેમની સાથે રાસલીલા કરતા. આવી તેમની મનોહર લીલાઓ વ્રજવાસીઓ માટે દર્શનીય બની રહેતી.

- પ્રજ્ઞાચક્ષુ ડો. કૃણાલ જોષી

અંતકરણને શુદ્ધ કરે તે ધ્યાન

ધ્યાન એ અંતકરણને સત્વ સંશુદ્ધ સત્ય સંશુદ્ધ કરીને તેમાં જ સ્થિત કરવાનો શુદ્ધ સત્ય અને સાત્વિક માર્ગ છે. અંતરનું સત્વ અને અંતરનું સત્ય પ્રાપ્ત કરવા માટે સંકલ્પ વિકલ્પનો ચરખો બરાબર શુદ્ધ મનથી ચાલવો જ જોઈએ એટલે કે અંતકરણનું સત્ય અને જીવનનું સત્વ પ્રાપ્ત કરવા અંતર ધ્યાનની ક્રિયા યોગ બરાબર ચાલવો જોઈએ એટલે કે સત સંકલ્પનું અને સત્વ સંકલ્પનું હૃદયથી ગ્રહણ અને અસત અને અસત્વ સંકલ્પનો સ્વસ્થ ચિત્તે ત્યાગ.

આપણા ચિત્તમાં ગ્રહણ અને ત્યાગનું તંત્ર બરાબર યોગ્ય રીતે ચાલે ત્યારે જ અંતકરણની સત્વ અને સત્ય સંશુધ્ધિ પ્રાપ્ત થાય. આ અંતકરણની સત્યતા અને સત્વતા જીવનમાં ભય ભ્રમ અને ભ્રમજાળનો નાશ કરવાનું સાધન બને છે

આમ આપણા શુદ્ધ ચિત્તમાં ગ્રહણ અને ત્યાગનું તંત્ર બરાબર યોગ્ય રીતે ચાલે ત્યારે જ અંતકરણની સત્વ અને સત્ય સંશુધ્ધિ અનાયાસે પ્રાપ્ત થાય. આ અંતકરણની સત્યતા અને સત્વતા જ જીવનમાં ભય ભ્રમ અને ભ્રમજાળનો નાશ કરવાનું અમોલ સાધન બને છે અને પરમ જ્ઞાન પ્રાપ્ત થાય ને જીવનમાં અચલપદ, અભયપદ સત્યપદમાં અને સત્વ પદમાં સ્થિતતા ઉપલબ્ધ થાય જેથી આ જીવનનમાં જ પરમ આનંદ જીવનમાંથી જ ઉપલબ્ધ થાય.

આમ આંતર ધ્યાન એ આપણાં જ મનની કેળવણીની અંતર સાધના છે. આ એક પ્રકારનો જીવન યોગ છે. યોગનો અર્થ છે પરમતત્વ સાથે જોડાવું એકત્વ પ્રાપ્ત કરવું. આ આંતર ધ્યાન દ્વારા જ શક્ય બને છે. કારણ કે આપણું નિરંતર મન વિષયનું ચિંતન કરે છે, વિચાર કરે છે, વિચારોના મૂળમાં ત્રિગુણી પ્રકૃતિ છે, સંસ્કાર છે, વૃતિ છે, કલ્પનાઓ છે અને બહારની ઓખર વૃત્તિ છે, આ બધી ગંદકી આ રીતે મન ભેગી કરે છે અને મનની ગંદકી એ જ દુઃખ ચિંતા અને ઉદ્‌વેગ તનાવ છે.

આવા ચંચળ મનને કેળવવું, સંસ્કારવું આ સંસ્કારવું એટલે અંતરના સત્યમાં સ્થિત કરવું. એટલે મનને સત્ય સ્વરૂપ ધર્મયુક્ત બનાવવું અને પ્રસન્નચિત્તમાં સ્થિત કરવું અને સત્ય સ્વરૂપ, નિર્મળ બનાવવું અને અહંમથી મુક્ત કરવું આમ ધ્યાન દ્વારા ચિંતનના મનનના વિચારોને કલ્પનાઓને કેળવવા અને આ બધાને વ્યવસ્થિત કરવા સ્થિત કરવા, એ જ ધ્યાન છે.

- તત્વચિંતક વિ. પટેલ

સતી પ્રથાનો શિરસ્તો અટકાવે એ ફિરસ્તો, આગમાં બળી મરવું એ કરતાં વેરાગમાં જીવી જવું સારુ

એ રૂપવતી યુવતીનું રૂપ ચિતામાં ભડભડ બળી રહ્યું હતું. રૂપ અને યૌવન બંને આગમાં બળીને રાખ-ખાખ થઈ રહ્યા હતા.

સેંકડો-હજારો માણસો એ નારીના દેહને ભડભડતી ચિતામાં બળતું જોઈ રહ્યા હતા.

ચિતામાં બે દેહ જલી રહ્યા હતા. એક સજીવ દેહ અને બીજો એક નિર્જીવ દેહ.. એક પુરુષનો દેહ હતો અને બીજો સ્ત્રીનો દેહ હતો. પુરુષ નિર્જીવ હતો, સ્ત્રી જીવતી હતી. પણ દેહ તો બંનેના બળી રહ્યા હતા.

યુવાન પુરુષ મૃત્યુ પામ્યો હતો. કોઈક અકળ રોગથી સપડાયો હતો. પુરુષ અને આ સંસાર છોડી ગયેલા પુરુષની પાછળ અબલા સ્ત્રી પોતાનો સંસાર અહીં ચિતામાં હોમી રહી હતી.

અથવા તો એમ પણ કહી શકાય કે એક નિર્જીવ દેહનો હોમ-હવન ચાલી રહ્યો છે અને તેમાં સ્ત્રીના દેહનો 'સ્વાહા' થઈ રહ્યા છે.

યુવાન પતિની પાછળ તેની યુવાન સ્ત્રી પણ ચિતામાં ચડી છે. કારણકે તેનો પતિ મારી ગયો છે. હવે સ્ત્રીને જીવવાનો કોઈ અધિકાર નથી. પ્રજાજનો આ જીવતી બળી રહેલી નારીને જોઈ રહ્યા છે, કારણકે તેમણે પણ મનથી એ નિર્ણય કરી જ લીધો છે કે પતિના મરી ગયા પછી યુવાન સ્ત્રીએ પતિની ચિતામાં બળી-મરીને સતી થવું જ પડે. અને જો એ ચિતામાં ના ચડે તો એને અસતી-કુલટાનું લેબલ લાગી જાય.

પ્રથા એવી છે કે નગરની બહાર લાકડાનો ખડકલો ઉભો કરાય. એની ઉપર મૃત-પતિનું માથું લઈ લે. તે પછી આગ લગાડવામાં આવે. અને એ આગમાં બે ય દેહ સ્વાહા થઈ જાય. એક નિર્જીવ અને એક સજીવ.

ગોળાકારે ત્યાં ઉભેલું નગરજનોનું ટોળું પોતાની સૂકીભઠ આંખોથી એ દ્રશ્ય જુએ છે. જેમાં કેટલાક લોકોના મોં એ અલગ-અલગ પ્રકારના અનેક વાક્યો પણ સરી પડે છે.

'કેવી હજી તો ઉગતી યુવાની હતી. મૂછ નો દોરોય નહોતો ફૂટ્યો.'

'યુવાનીમાં જ કોઈક રોગ આવી ગયો અને બિચારો મરી ગયો.'

' છોકરી પણ બિચારી વિધવા થઈ ગઈ. હજી હમણાં જ તો એના લગ્ન થયા હતા. હજુ મહિનો ય નથી થયો.'

'હજુ તો સંસારનું સુખ એણે બિચારીએ ભોગવ્યું જ ક્યાં હતું ?'

' સંસારમાં રહી હોત તો ! પણ શું કરે રહીને ? બીજા લગ્ન તો થાય નહીં. આખી જિંદગી વિધવાનું દુઃખ ભોગવવું પડત.'

અને બીજું કરશેય શું ? વિધવાને ક્યાંય સ્થાન પણ ના મળે...અપશુકન આપે. આના કરતા તો મરી જાય એ જ સારું ?

આંખ છીપ, અંતર મોતી

આચાર્ય રાજહંસ

પણ આનો કોઈ રસ્તો કાઢવો પડે. આ રીતે બળી મરવું શું એ જ રસ્તો-શિરસ્તો છે ? બીજો કોઈ રસ્તો છે જ નહિ ?'

'અત્યારે તો આ જ રસ્તો છે- શિરસ્તો છે. કોઈક ફિરસ્તો આવે અને આનો કોઈક સારો રસ્તો કાઢે એવું ઇચ્છનીય છે.'

આમ અનેક પ્રકારના સંવાદો લોક-જીભે થતાં રહે અને પછી પોત-પોતાના ઘરે જાય. અને રોજિંદા કાર્યોમાં પરોવાઈ જાય.

એક વખત મેવાડની આ સૂકા મેવા જેવી સૂકી ધરતી પર મેવા જેવા આચાર્ય ભગવંત પધાર્યા. તપાગચ્છાધિરાજ આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજાને આજે જ તાજી બનેલી આ સતી પ્રથા અને એની વ્યથા જાણમાં આવી.

કેટલાક લોકોને આની વ્યથા હતી. પીડા હતી તો કેટલાકને ચાલી આવતી આ સતીપ્રથા બરાબર લાગતી હતી. આ બધા જ મેવાડના ગુરુ સમા તપાગચ્છાધિરાજના સામૈયામાં આવ્યા. પ્રવેશોત્સવ પછીનો વાણી-ધારામાં સૌ વિનયભાવે બેઠા.

ગુરુરાજે પ્રવચનમાં 'અહિંસા પરમો ધર્મ' નો મહિમા સમજાવ્યો. પૂજ્યશ્રીએ જણાવ્યું- 'નાનામાં નાના જીવોની હિંસા પણ આપણે ટાળતા હોઈએ છીએ. અગ્નિમાં બળતા નાગને-સાંપને પણ બચાવનારો માણસ માણસને બાળી નાંખે ! આ કેવી માણસાઈ ! આ કેવી અહિંસા ? અહિંસક ધર્મની આ કેવી ક્રૂર મશ્કરી !'

'પણ પછી ગુરુદેવ ! એ સ્ત્રી કરશે શું ? જિંદગીભર એકલી કેવી રીતે રહી શકશે. વૈધવ્ય એને જીવવા પણ નહિ દે. અથવા તો પછી એ ગેરમાર્ગે દોરાશે. એને કુલટા બનતા કોઈ નહીં રોકી શકે. અને આ રીતે એ કુલટા બને એ કરતાં આમ પતિની ચિતામાં સતી બની જાય એ વધુ સારું ને ! અથવા તો કોઈ બીજો રસ્તો હોય તો આપ બતાવો.'

ત્યારે આચાર્યશ્રીએ જણાવ્યું- 'પહેલાં તમે એ વાત ઉપર એકમત-સહમત થાઓ કે આ સતીપ્રથા બંધ કરવી છે. અને બીજીવાત જ્યાં સુધી મેવાડમાંથી આ સતીપ્રથા નાબૂદ નહીં થાય ત્યાં સુધી અમારા સાધુ સાધ્વીજીઓ તમારે ત્યાં ગોચરી (ભિક્ષા) લેવા નહિ આવે.'

મેવાડના રાણા જૈત્રસિંહ, મહારાણી જયતલ્લાદેવીની આગેવાની હેઠળ સર્વે મહાજન-નગરજનોએ નિર્ણય લીધો કે સતીપ્રથા બંધ કરવી.

ત્યારે ગચ્છાધિરાજ આચાર્યશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજા નામના આ ફિરસ્તાએ સતીપ્રથાના ઓશનમાં નવો રસ્તો-શિરસ્તો બાંધી આપ્યો.' આજ પછી હવે કોઈ પુરુષ આ રીતે મૃત્યુ પામે, ત્યારે તેની સ્ત્રીએ સાધ્વીજી શ્રી સુમલાશ્રીજી પાસે જવાનું. અને ઉપદેશ ગ્રહણ કરી દીક્ષા લેવાની. આગામાં બળી મરવા કરતાં વૈરાગમાં જીવી જવું ઉત્તમ.'

નગરજનોના જયનાદ સાથે જૈત્રસિંહ રાણાએ સંમતિની મહોર લગાવી આપી.

પ્રતિષ્ઠાની લાલસા, સ્પર્ધાની દોડ અને પરિગ્રહની પ્રાપ્તિ એટલે પ્રભુભક્તિની વિદાય

કથા કહે છે કે શ્રી ભક્તામર સ્તોત્રની પ્રત્યેક ગાથાની સાથોસાથ શ્રી માનતુંગાચાર્યને લગાડેલાં તાળાંઓનું બંધન આપોઆપ તૂટતું ગયું. તીર્થંકર પ્રત્યેની અગાધ ભક્તિનો આ એક સાહજિક આવિર્ભાવ છે. સામાન્ય માનવી એને આશ્ચર્ય કે ચમત્કારરૂપે જુએ, પરંતુ વાસ્તવમાં પ્રભુ પ્રત્યેના તીવ્ર તલસાટ અને ઉત્કૃષ્ટ ભક્તિનું આ સાહજિક પરિણામ છે. શ્રી ભક્તામર સ્તોત્રની એક-એક ગાથા સાથે તાળાંઓનું બંધન તૂટે છે. એ અર્થમાં કહીએ તો એની પ્રત્યેક ગાથાની સાથોસાથ સાધકનાં કર્મબંધનરૂપી તાળાંઓ પણ તૂટતાં જશે એવી શ્રદ્ધા સર્જાય છે.

નમ્રતા, સરળતા અને સમર્પણશીલતા એ ત્રણ ભાવોનો સંગ થાય, ત્યારે ભક્તિનો ત્રિવેણીસંગમ રચાય છે. શ્રી ભક્તામર સ્તોત્રના આ ત્રીજા શ્લોકમાં ભક્તિના ત્રિવેણીસંગમની રહસ્યગર્ભિત વાત કરી છે. આચાર્ય શ્રી માનતુંગસૂરીજી કહે છે.

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિત પાદપીઠ
સ્તોતું સમુદ્યતમતિર્વિગત ત્રપોઽહમ્ ।।
બાલં વિહાય જલસંસ્થિતમિન્દુ
બિમ્બમન્ય :
ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ।।૩।।

આનો અર્થ છે- દેવો જેની પાદપીઠની પૂજા કરે છે એવા જિનેશ્વરદેવ, તમારી સ્તુતિ કરવા યોગ્ય મારી બુદ્ધિ નહીં હોવા છતાં હું મર્યાદાનું ભાન ભૂલીને તમારી સ્તુતિ કરવા તત્પર બન્યો છું. પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચારે પકડવાની ઇચ્છા બાળક સિવાય બીજું કોણ કરે ?

આ શ્લોકમાં ભક્તની નમ્રતા પ્રગટ થાય છે. જિનેશ્વર દેવના પગ રાખવાના આસનની દેવો પૂજા કરે છે. કોઈ એક દેવ નહીં, પરંતુ આ રીતે અનેક દેવો પૂજા કરે છે. એનો અર્થ એ કે બધા દેવો સાથે મળીને જેમની પાદપીઠની અતિ ભક્તિપૂર્ણ પૂજા કરે છે, તેવા જિનેશ્વરદેવના ગુણોની સ્તુતિ કરવી એ મારી શક્તિ બહારની વાત છે, કારણકે જિનેશ્વર દેવ તો ત્રણે કાળના જ્ઞાતા છે. એવા મહાન જિનેશ્વર દેવ ક્યાં અને મારા જેવો સાવ મતિહીન ક્યાં ? દેવોના બુદ્ધિસામર્થ્ય જેવું કોઈ બુદ્ધિસામર્થ્ય પોતાની પાસે નથી.

આમ જિનેશ્વર દેવ અને પોતાની વચ્ચેના અમાપ અંતરને બતાવવા માટે કવિ બે વખત 'ક્યાં' શબ્દનો પ્રયોગ

આકાશની ઓળખ
કુમારપાળ દેસાઈ

કરે છે અને એ રીતે પ્રભુની મહાનતા અને પોતાની અલ્પતાના અંતરને ઉજાગર કરી આપે છે. આવી સ્થિતિ હોવા છતાં પોતે ભક્તિ કરવા ઉદ્યુક્ત થયા છે, તેનું કારણ શું ?

જેમની દેવો ભક્તિ કરે છે, એ દેવો જેવા પોતે છે એમ દર્શાવવા માટે એ ભક્તિ કરવા માગતા નથી, કારણકે દેવો કરતાં પણ પોતે કેટલા અલ્પબુદ્ધિવાળા છે એનો ભક્ત તરીકે એમને ખ્યાલ છે, એટલે કે આ ભક્તિ પાછળ કોઈ પ્રતિષ્ઠા, સ્પર્ધા કે કોઈ પ્રાપ્તિ નથી. ભક્તિ પાછળ પ્રતિષ્ઠાપ્રાપ્તિનો આશય હોય, ત્યારે એ ભક્તિ પ્રભુસ્તુતિ ન રહેતાં આત્મસ્તુતિ બની જાય છે અને ઇશ્વર આરાધનાને બદલે અહંકાર-સાધના બને છે. વળી ભક્તિ કરીને ભક્તનો હેતુ દેવો સાથે સ્પર્ધા કરવાનો નથી, કારણકે ભક્તિમાં માત્ર ભક્ત એકલો હોય છે, ભક્તની સાથે બીજા ભક્તોની તુલના હોતી નથી. તુલના એ દ્વેષ અને અહમ્ જગાવનારી છે, એટલે આવો કોઈ દ્વેષ જાગે એટલે ભક્ત ઇશ્વરને બદલે પ્રતિસ્પર્ધીને જોવા લાગે છે અને એની ભક્તિ એ સાહજિક ભક્તિ ન રહેતા તુલનાત્મક ભક્તિ બની જાય છે.



હકીકતમાં આજે ચોમેર આવી રીતે ભક્તિની આરાધના થતી જોવા મળે છે. ઘણા લોકો એવી તુલના કરે છે કે એમણે આટલા ઉપવાસ કર્યા ! એમણે આટલી વખત ચાર ધામની યાત્રા કરી અને મેં એનાથી આટલી વાર વધુ યાત્રા કરી ! ભક્તિ એ ગણના અને ગણતરીથી મુક્ત હોય છે અને એટલે અહીં એવી સાહજિક ભક્તિની વાત છે કે જ્યાં કોઈ સ્પર્ધા નથી. ત્રીજી વાત એ કે આ ભક્તિમાં કોઈ પ્રાપ્તિ કે પ્રયોજન નથી. પ્રાપ્તિ કે પ્રયોજનથી થતી ભક્તિ એ હેતુ ધરાવતી હોય છે. એવી ભક્તિમાં જે ધ્યેય હોય છે તે પ્રાપ્ત કરવાનો જ આશય હોય છે અને પરિણામે ભક્તિની તન્મયતાને બદલે ભક્તિનું પ્રયોજન સાધકના ચિત્તમાં તરવરતું રહે છે. આચાર્ય મેરુતુંગસૂરિની ભક્તિ પાછળ આવી પ્રતિષ્ઠા, સ્પર્ધા કે પ્રાપ્તિની કોઈ ઇચ્છા નથી, પરંતુ હૃદયની તીવ્ર ભાવના છે અને એ ભાવનાને કારણે જ તેઓ ભક્તિ કરી રહ્યા છે.

તેઓ પોતાની મર્યાદા યથાર્થપણે જાણે છે, તેમ છતાં જિનેશ્વરની સ્તુતિ કર્યા વિના રહી શકતા નથી. અહીં ભક્તિની ઉત્કૃષ્ટ અવસ્થાનો આવિર્ભાવ છે. જ્યાં ભક્તના હૃદયમાંથી આપોઆપ ભક્તિનું ઝરણું ફૂટતું હોય છે. એને અટકાવવા છતાંય એ અટકી શકતું નથી અને તેથી જ સૂરિજી કહે છે કે આપની સ્તુતિ રચ્યા સિવાય રહી શક્તો નથી, માટે આ રચના કરું છું.

અહીં ભક્તહૃદયની તીવ્રતા પ્રગટ થાય છે. પોતાનો આ પ્રયત્ન કેવો છે ? એ વિશે એક ઉદાહરણ આપીને તેઓ સમજાવે છે કે કોઈ બાળક પાણીમાં પડતાં શીતલ ચંદ્રના પ્રતિબિંબને જોઈને એને મેળવવાની હઠ લે તેવો છે. અહીં બાળકના હઠની જેવી પોતાની સ્તુતિ કરવાની ઇચ્છા દર્શાવી છે. બાળક હઠ લે ત્યારે પોતાની મર્યાદાનો વિચાર કરતું નથી. પોતાને માટે આ શક્ય છે કે અશક્ય, એવી કોઈ બાબતનો ખ્યાલ કરતું નથી. આચાર્યશ્રી કહે છે કે આવા પ્રભુની સ્તુતિ કરવાની પોતાની ક્ષમતા કેટલી છે એની મર્યાદા જાણતા હોવા છતાં એમણે તો સ્તુતિ કરવાની બાળહઠ લીધી છે.

આ ઉપમાનો એક બીજો પણ અર્થ છે અને તે એ છે કે બાળક એ સરળતા અને સમર્પણશીલતાનું પ્રતીક છે. બાળકની સરળતા બેનમૂન ગણાય છે, આથી તો સ્વામી રામદાસે કહ્યું છે કે 'માણસ જેમ જેમ મોટો થતો જાય છે, તેમ તેમ એને માથે શિંગડા ઊગતા જાય છે.' એ સરળતાને સ્થાને ધીરે ધીરે કુટિલતા પગપેસારો કરે છે, આથી અહીં બાળક દ્વારા સરળતાનો ભાવ દર્શાવવા ઉપરાંત બાળકની સમર્પણશીલતાનો સંકેત છે. એ સમર્પણ કરવાનું જાણે છે અર્થાત્ શ્રી માનતુંગસૂરિજી કહે છે કે તેઓ કોઈ મોટી વયના બુદ્ધિચાતુર્ય ધરાવતા માનવીની માફક યોગ્યતા કે મર્યાદાઓના ખ્યાલથી બંધાયેલા નથી અને તેથી પ્રભુસ્તુતિ કરતી વખતે આવા તર્કજાળમાં ફસાતા નથી. પરિણામે પોતાના કાર્યને પાણીમાં દૃષ્ટિગોચર થતાં ચંદ્રના પ્રતિબિંબને પકડવા હાથ લંબાવતા બાળક જેવું ગાંડુ-ઘેલું કાર્ય ગણે છે. વ્યક્તિ જ્યાં સુધી વ્યવહારુ અને ગણતરીબાજ હોય, ત્યાં સુધી ભક્તિ પ્રગટતી નથી. પાગલ થયા વિના એ ભક્ત થઈ શક્તી નથી અને એ રીતે પોતાના સ્તુતિ કરવાના આ કાર્યને નિર્દોષ બાળકની અણસમજભરી બાળચેષ્ટા ગણીને નિભાવી લેવા માટે વિનંતી કરે છે. ઇન્દ્રો પણ જેની સ્તુતિ કરવા અસમર્થ છે એની સ્તુતિ કરવાનો એમનો પ્રબળ આવેગ અને દૃઢ નિશ્ચય આ રીતે પ્રગટ થાય છે. આચાર્ય માનતુંગસૂરિ જેવા મહાસમર્થ વિદ્વાન સ્તુતિના પ્રારંભે આવું કહે ત્યારે એમની નમ્રતાનું કેવું અનુપમ દર્શન થાય છે ! (ક્રમશઃ)

સાધુમારગ આકરો, જેમ ચડવું ઝાડ ખજુર; ચઢે તો પામે પ્રેમરસ, પડે તો ચકનાચૂર

આત્મસાક્ષાત્કાર થયો છે એવા જ્ઞાની પુરુષની વાણી સાંભળવા સાધક આત્માઓ, ચાતક જેમ સ્વાતિના જલબિંદુની પ્રતીક્ષા કરે તેમ આતુર હોય છે. આજથી લગભગ ૨૫૫૩ વર્ષ પહેલાં ઋજુવાલિકા નદીને કિનારે, ગોદોહ આસનમાં વૈશાખ સુદ, દશમને દિવસે શ્રમણ ભગવાન મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. દીર્ઘ મૌનસાધના પછી પ્રભુની પાવન વાણીનું પ્રાગટ્ય થયું. વૈશાખ સુદ ૧૧ના પાવાપુરીના સમવસરણની રચના થઈ, જેમાં પ્રભુએ સર્વ દુઃખોનો નાશ કરી જીવને મુક્તિ સુધી પહોંચાડનાર ધર્મના જીવનમાં અંગીકાર કરવાની પ્રરૂપણા કરી. ઇન્દ્રભૂતિ ગૌતમ, ચંદનબાલા આદિ હજારો સ્ત્રી-પુરુષોએ સંસાર ત્યાગી સંયમમાર્ગે પ્રયાણ કરી દીક્ષા અંગીકાર કરી.

પ્રબુદ્ધ કરુણાના કરનારા મહાશ્રમણ ભગવાન મહાવીરે ધર્મના બે માર્ગ બતાવ્યા. "દુવિહે ધમ્મે, પણ્ણતે– અગરધમ્મે ચેવ. અણગાર ધમ્મે ચેવા" ધર્મસાધનાના બે માર્ગ છે, એક આગાર ધર્મ અને બીજો અણગાર ધર્મ. હકીકતમાં ધર્મ તો એક જ છે. આત્માની પરમશુદ્ધિ કરી મોક્ષપદ પ્રાપ્ત કરવું, પરંતુ લક્ષની પ્રાપ્તિ માટેની સાધનાના બે માર્ગ છે. એક સરળ માર્ગ અને એક કઠિન માર્ગ છે. સરળ માર્ગ પર પોતાની મર્યાદિત શક્તિ પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મ કરી શકે. આગાર એટલે છૂટ, સુવિધા-વિકલ્પ. જેટલા નિયમ પાળી શકાય તેટલા નિયમ લેવાની છૂટ તે આગારધર્મ. અણગાર ધર્મમાં આવી છૂટ નથી. સંયમમાર્ગે શ્રમણ બની જીવનભર પંચમહાવ્રતોનું પાલન કરવાનું હોય છે. ભગવાન મહાવીરે સંયમજીવનની પ્રેરણા કરી જેથી અનેક લોકોએ દીક્ષા ગ્રહણ કરી. પરંતુ આ દીક્ષા લેવા અને પાળવાવાળા લોકોના ભિન્ન પ્રકારને દર્શાવવા પ્રભુએ દર્શાવેલી ચોપાઈ રસપ્રદ છે.

આચાર્ય નિત્યાનંદસૂરિજીએ આ ચૌભાંગીનું અર્થસભર રસદર્શન કર્યું છે. ઘરસંસાર, સગા-સંબંધીઓનો ત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કરવાવાળા પુરુષોના ચાર પ્રકાર છે. કેટલીક વ્યક્તિ સંસાર ત્યાગતી વખતે સિંહવૃત્તિવાળી હોય અને જીવનપર્યંત સિંહવૃત્તિથી સંયમનું પાલન કરે છે. કેટલીક વ્યક્તિ ઘરનો ત્યાગ કરતી વખતે સિંહવૃત્તિવાળી હોય છે. પરંતુ ધીરે ધીરે તેની ભાવના બદલાતી જાય છે. ઉત્સાહ ઠંડો પડતો જાય. વૃત્તિની અધોગતિને કારણે તે

પ્રભાતના પુષ્પો
ગુણવંત બરવાળિયા

વ્યક્તિ શિયાળ જેવું જીવન જીવવા લાગે. કેટલીક વ્યક્તિઓ સંસારત્યાગ વખતે શિયાળવૃત્તિ જેવી હોય, પરંતુ સાધનામાં આગળ વધતાં જ્ઞાન પ્રાપ્ત કરતાં, અનુભવ રસ ચાખતાં તેમના ઉત્સાહ અને જાગૃતિમાં વૃદ્ધિ થાય છે અને તે સિંહવૃત્તિવાળી બની જાય છે. ચોથા પ્રકારના પુરુષો શિયાળવૃત્તિથી સંસાર ત્યાગે અને જીવનભર એ જ વૃત્તિમાં પડ્યા રહે છે.

સિંહ પરાક્રમશીલતાનું પ્રતીક છે, સિંહ આત્મવિશ્વાસનું પ્રતીક છે, માટે જ તીર્થંકરોને 'पुरिस सीहाणं' પુરુષોમાં સિંહ સમાન ઉપમા આપેલ છે. ભગવાન મહાવીર સાધનાકાળમાં પરિષહોને સમતાભાવે સહેતા અને ઉપસર્ગો પરવિજય મેળવી સંયમયાત્રામાં આગળ વધતા તે વાત ભગવાનના જીવનના સમ્યક્ પરાક્રમનો નિર્દેશ કરે છે. શિયાળ લુચ્ચાઈ અને લાલચયુક્ત મનોવૃત્તિનું પ્રતિનિધિત્વ કરે છે. આ બન્ને મનોવૃત્તિને ધ્યાનમાં રાખીને જ્ઞાનીઓ કહે છે કે,' કેટલીક વ્યક્તિઓ સાધનામાર્ગમાં સિંહની જેમ આગળ વધે છે તેના મનમાં વૈરાગ્યભાવની ભરતી હિલોળા લે છે અને જે સમગ્ર સંસારસુખો પ્રત્યે ઉદાસીન-વિરક્ત હોય છે.

સાધુ મારગ આકરો,
જેમ ચડવું ઝાડ ખજુર ;
ચઢે તો ચાખે પ્રેમરસ,
પડે તો ચકનાચૂર.

ખજુરના વૃક્ષ પર ચડવા જેવો સાધુજીવનનો માર્ગ કઠિન છે. ખજુરના ઝાડ પર ચઢી જાય તો મીઠાં ફળ મળે અને પડે તો હાડકાં ભાંગે, તેમ સાધુજીવનમાં સંયમમાં પાર ઉતરે તો આત્માનુભૂતિ થાય અને તે માર્ગેથી પડે તો અધોગતિ થાય. દૃઢ સંકલ્પ મનોબળ અને ઉત્સાહને કારણે કેટલાકના મનમાં વિરક્તિ જાગે, કેટલાકને પૂર્વના સંસ્કારને કારણે જાગે. આઈમુતા (અતિમુક્તક) કુમારના મનમાં ગૌતમસ્વામીનાં દર્શન થતાં જ ભગવાન મહાવીરનાં દર્શન કરવાની અને સંયમ લેવાની ભાવના જાગી. શ્રેષ્ઠીવર્ય ધન્નાને સુભદ્રાનું એક વચન માત્ર સાંભળી સંસારત્યાગની ભાવના જાગી. હવેલીના સાતમા માળે દૈવીસુખો ભોગવતા શાલિભદ્રે, ધન્નાનો એક સાદ સાંભળતાં સંસાર ત્યાગ્યો.

નમિરાજાનો દાહજ્વર અને એનાથી કુમારની આંખોની વેદનાના નિમિત્તમાં સિંહવૃત્તિયુક્ત મહાભિનિષ્ક્રમણ અભિપ્રેત હતું. કેટલાક ભવ્ય આત્માઓ માટે ભગવાનની વાણી સંયમજીવનનું નિમિત્ત બને છે. થાવચ્ચાપુત્ર અને મુનિ ગજસુકુમાર ભગવાન અરિષ્ટનેમિનાં પાવન વચનોને કારણે અને ભગવાન મહાવીરની વાણી સાંભળી મેઘકુમારે સિંહવૃત્તિથી મહાભિનિષ્ક્રમણ કર્યું.

રોશનીની રાણી દીપાવલીનું પર્વ

આજે પણ જ્યાં આત્મ-સમર્પણ થયું હોય, તેવા દાનને ''બલિદાન'' કહેવામાં આવે છે. બલિની આવી ભક્તિને વશ થઈને ભગવાન વિષ્ણુ પાતાળમાં રહ્યાં. એટલું જ નહિં પણ બલિને અમર કરતો ત્રણ દિવસનો ઉત્સવ પણ નક્કી કર્યો. આસોના કૃષ્ણ પક્ષના છેલ્લા ત્રણ દિવસો તે બલિઉત્સવના દિવસો છે. કાળીચૌદશને દિવસે જે કાંઇ કાળું, અશુભ છે તેને દૂર કરવામાં આવે છે. ભતૂપ્રેતાદિક અશુભ તત્વોને દૂર કરનાર હનુમાનજીની પૂજા આ દિવસે કરવામાં આવે છે.

આ દિવસને નરકચતુર્દશી પણ કહેવાય છે. આસોની અમાસ એ જ દિવાળી-દીપોત્સવ. દિવાળીના દિવસે પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા. સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા હતા. પાંડવો વનમાંથી પાછા ફર્યા હતા. શ્રીરામ લંકાવિજય કરી અયોધ્યા પધાર્યા. અસુરોના ત્રાસથી પ્રજા મુક્ત થઈ એટલે બધાએ દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો ત્યારથી આ અવસર દીપોત્સવી કહેવાય છે.



તહેવારો આપણી સંસ્કૃતિક પરંપરાના રક્ષકો છે. આપણે વર્ષમાં અનેક તહેવારો ઉજવીએ છીએ. પરંતુ એ સૌમાં દીપાવલીનું સ્થાન અનોખું છે. રોશનીની રાણી દીપાવલી અને થનગનતું નૂતન વર્ષ શરદઋતુની ભેટ છે. દિવાળી એ ભારતીયોનો પ્રમુખ તહેવાર છે.

દિવાળીના પર્વ સાથે પણ પૌરાણીક કથા જોડાયલી છે. ભગવાન વિષ્ણુ બલિના દરબારમાં ગયા. બલિએ ભગવાનને પોતાનું સર્વસ્વ આપી દીધું. ભગવાને કપટ કર્યું. તેમ છતાંય બલિને શંકા ન થઈ. તેણે તો આત્મસમર્પણ કર્યું. તે દિવસથી આત્મ-સમર્પણના દાન સાથે બલિનું નામ જોડી દેવામાં આવ્યું છે. આજે પણ જ્યાં આત્મ-સમર્પણ થયું હોય, તેવા દાનને ''બલિદાન'' કહેવામાં આવે છે. બલિની આવી ભક્તિને વશ થઈને ભગવાન વિષ્ણુ પાતાળમાં રહ્યાં. એટલું જ નહિં પણ બલિને અમર કરતો ત્રણ દિવસનો ઉત્સવ પણ નક્કી કર્યો. આસોના કૃષ્ણ પક્ષના છેલ્લા ત્રણ દિવસો તે બલિઉત્સવના દિવસો છે.

આસો વદ-તેરસ-ધનતેરસને દિવસે લોકો ધનનું લક્ષ્મીનું પૂજન કરે છે. આપણા મહાપુરૂષોએ આ ઉત્સવ યોજીને સમજાવ્યું છે કે લક્ષ્મીનું પૂજન-ધનનું પૂજન એટલા માટે કરવાનું કે એ ધનનો શુભ કે કલ્યાણકારી ઉપયોગ જ થાય છે. સંપત્તિ સાથે શુભભાવનાઓ સાંકળતું આ પર્વ છે. કાળીચૌદશને દિવસે જે કાંઇ કાળું, અશુભ છે તેને દૂર કરવામાં આવે છે. ભતૂપ્રેતાદિક અશુભ તત્વોને દૂર કરનાર હનુમાનજીની પૂજા આ દિવસે કરવામાં આવે છે. આ દિવસને નરકચતુર્દશી પણ કહેવાય છે. નરકાસુર પ્રાગજ્યોતિષપુરનો રાજા હતો. પ્રજાને રંજાડવામાં તેણે કંઇ બાકી રાખ્યું ન હતું. સોળ હજાર સ્ત્રીઓને તેણે કેદ કરી હતી. આવા અસુરનો નાશ કરવા ભગવાન શ્રીકૃષ્ણે વિચાર કર્યો. સ્ત્રીઓની રક્ષા માટે થતા આ યુધ્ધનું સુકાન મહારાણી સત્ય-ભામાએ લીધું. ભગવાન તેમની મદદે રહ્યાં. કાળી-ચૌદશને દિવસે નરકાસુરનો વધ થયો. સૌ નરકના ત્રાસમાંથી છૂટ્યા. મુક્તિનો આનંદ માણ્યો.

આસોની અમાસ એ જ દિવાળી-દીપોત્સવ. દિવાળીના દિવસે પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા. સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા હતા. પાંડવો વનમાંથી પાછા ફર્યા હતા. શ્રીરામ લંકાવિજય કરી અયોધ્યા પધાર્યા. અસુરોના ત્રાસથી પ્રજા મુક્ત થઈ એટલે બધાએ દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો ત્યારથી આ અવસર દીપોત્સવી કહેવાય છે.

આજે વીસમી સદીની અંધારી સંધ્યાએ મહંતસ્વામી મહારાજ હાથમાં સહજાનંદી દીપક લઈને પાંચેય ખંડમાં ઘૂમી રહ્યાં છે. તેઓ નૂતન યુગના જ્યોતિર્ધર છે. લાખોના જીવનમાંથી વ્યસન-દૂષણનું અંધારૂ કાઢી નીતિ, સદાચાર ભરી દિવ્ય જીવનના દીવડા પ્રગટાવે છે. ભગવાન અને સંતની પ્રાપ્તિથી અંતરમાં સદાય પૂર્ણકામપણું રહે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના દીવડા દિલમાં પ્રગટી જાય તો તેને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી કહે છે તેમ ''દિન દિન દિવાળી'' જ છે.

- કિશોર ગજ્જર

શ્રીમદ્ ભગવદ્ ગીતાઃ અઢાર અધ્યાયનો ટુંકમાં સાર!

કુરુક્ષેત્રના રણમેદાનમાં 'ભગવાન શ્રીકૃષ્ણ'ના મુખમાંથી 'ભગવદ્ ગીતા' સ્વરૂપે નીકળેલી આ દિવ્ય વાણી એ પૃથ્વી પરના દરેક માનવીના જીવનની કોઇપણ સમસ્યાનું સમાધાન અને જીવવાની કળા શીખવતું મહાન માર્ગદર્શન છે.

'મહર્ષિ વેદવ્યાસ' દ્વારા રચિત આ મહાન ગ્રંથના દરેક અધ્યાયમાં જીવનના ઊંડા રહસ્યો છુપાયેલા છે, જે મનુષ્યને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે.

◆ અધ્યાય ૧: ખોટી વિચારસરણી અને મૂંઝવણ જ જીવનની એકમાત્ર સમસ્યા છે. જ્યારે મન નકારાત્મકતાથી ઘેરાય ત્યારે સાચા-ખોટાનો નિર્ણય લેવો મશ્કેલ બને છે.

◆ અધ્યાય ૨: સાચું આધ્યાત્મિક જ્ઞાન એ આપણી બધી જ સમસ્યાઓનો સર્વોત્તમ ઉકેલ છે. આત્માની અમરતા અને કર્તવ્યજ્ઞાનથી જીવનના તમામ પ્રશ્નો હલ થઈ જાય છે.

◆ અધ્યાય ૩: નિસ્વાર્થ ભાવે કર્મ કરવું એ જ પ્રગતિ અને સમૃદ્ધિનો એકમાત્ર સાચો રસ્તો છે. ફળની આશા રાખ્યા વગર પોતાની જવાબદારી નિભાવવી જોઈએ.

◆ અધ્યાય ૪: સમર્પિત ભાવથી કરવામાં આવેલું દરેક કર્મ પ્રાર્થનાનું એક રૂપ બની શકે છે. જ્ઞાન અને કર્મનો સમન્વય જ જીવનને પવિત્ર બનાવે છે.

◆ અધ્યાય ૫: વ્યક્તિગત અહંકારનો ત્યાગ કરો અને અનંત આનંદમાં મગ્ન થઈ જાઓ. કર્મોના બંધનમાંથી મુક્તિ મેળવીને મનની શાંતિ પ્રાપ્ત કરો.

◆ અધ્યાય ૬: ધ્યાન અને યોગ દ્વારા દરરોજ ઉચ્ચ ચેતના એટલે કે પરમાત્મા સાથે જોડાઓ. મનને કાબૂમાં રાખીને આત્મદર્શન કરવું એ જ યોગ છે.

◆ અધ્યાય ૭: જે પણ સાચું જ્ઞાન શીખો છો તેને તમારા આચરણમાં ઉતારો. ઈશ્વરની માયા અને તેમની દિવ્ય શક્તિને ઓળખીને જીવન જીવો.

◆ અધ્યાય ૮: જીવનની ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ક્યારેય તમારી જાત સામે હાર ન માનો. અંતિમ સમયમાં પરમાત્માનું સ્મરણ કરીને ગતિ પ્રાપ્ત કરો.

◆ અધ્યાય ૯: જીવનમાં તમને મળેલી આશીર્વાદરૂપ બાબતો અને ઈશ્વરની કૃપાની કિંમત સમજો. ભક્તિ અને શ્રદ્ધાથી પ્રભુને પોતાના જીવનમાં અપનાવો.

◆ અધ્યાય ૧૦: આખી સૃષ્ટિમાં અને પ્રકૃતિના દરેક કણ કણમાં રહેલી દિવ્યતાના દર્શન કરો. ઈશ્વરની વિભૂતિઓ અને તેમની અદભુત શક્તિઓને ઓળખો.

◆ અધ્યાય ૧૧: સત્યને તેના મૂળ અને વિરાટ સ્વરૂપમાં જોવા માટે પૂરતું શરણાગતિભાવ રાખો. ભગવાને પોતાના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવીને અહંકાર દૂર કર્યો.

◆ અધ્યાય ૧૨: ભક્તિભાવથી તમારા ચંચળ મનને પરમાત્મામાં લીન કરી દો. સાચા ભક્તના લક્ષણો અપનાવીને ઈશ્વરની નિકટતા મેળવો.

◆ અધ્યાય ૧૩: ક્ષણિક સંસાર અને માયાથી મોહ છોડો તથા પરમ દિવ્યતા સાથે જોડાઓ. શરીર અને આત્મા વચ્ચેના ભેદને સ્પષ્ટપણે સમજો.

◆ અધ્યાય ૧૪: પ્રકૃતિના ત્રણ ગુણોને ઓળખીને તમારા ધ્યેય અને દ્રષ્ટિને અનુરૂપ જીવનશૈલી જીવો. સત્વગુણ તરફ આગળ વધીને મુક્તિ મેળવો.

◆ અધ્યાય ૧૫: આ સંસારરૂપી વૃક્ષના મૂળ સમાન દિવ્યતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપો. ઉત્તમ પુરુષ એટલે કે પરમાત્માને જાણીને ઉત્તમ માર્ગ અપનાવો.

◆ અધ્યાય ૧૬: દૈવી અને આસુરી સંપત્તિઓનો ભેદ સમજીને સારા બનવું એ પોતાનામાં જ એક મોટું ઇનામ છે. સદ્‌ગુણોનો સ્વીકાર કરીને જીવન પવિત્ર બનાવો.

◆ અધ્યાય ૧૭: ક્ષણિક સુખ કરતા હંમેશાં યોગ્ય અને શ્રેષ્ઠ બાબતની પસંદગી કરવી એ જ સાચી તાકાતની નિશાની છે. શ્રદ્ધા અને આહારના સાચા સ્વરૂપને સમજો.

◆ અધ્યાય ૧૮: બધું જ પ્રભુને અર્પણ કરીને મોહ છોડો, ચાલો સંપૂર્ણ સમર્પણ સાથે ઈશ્વર સાથે એકરૂપ થઈ જઈએ. શરણાગતિ જ મુક્તિનો અંતિમ માર્ગ છે.

આ પ્રકારે ભગવદ્ ગીતાના અઢારેય અધ્યાયોનો અભ્યાસ કરવાથી આપણને જીવનના સાચા અર્થ અને કર્તવ્યની પ્રતીતિ થાય છે. ગીતાનો પ્રત્યેક અધ્યાય માનવ જીવનને ઉત્થાન તરફ લઈ જતી એક સીડી સમાન છે, જે વ્યક્તિને ભટકતા અટકાવીને પરમાત્મા સાથે જોડવાનું દિવ્ય કાર્ય કરે છે.

શ્રી રણછોડરાયજી મંદિર, ડાકોરમાં ઉજવવામાં આવનાર આગામી દિવાળી તહેવારો

એકાદશી વાઘબારસ **૫/૧૧/૨૬ ગુરુવાર**	**વાઘબારસ** **૦૬/૧૧/૨૬ શુક્વાર**	**ધનતેરસ** **૦૭/૧૧/૨૬ શનિવાર**
કાળી ચૌદસ દિવાળી (હાટડી) **૦૮/૧૧/૨૦૨૬ રવિવાર**		**અન્નકૂટ (ગોવર્ધન પૂજા)** **૦૯/૧૧/૨૬ સોમવાર**
બેસતું વર્ષ (સંવત ૨૦૮૩) **૧૦/૧૧/૨૬ મંગળવાર**	**ભાઈબીજ** **૧૧/૧૧/૨૬ બુધવાર**	**લાભ પાંચમ** **૧૪/૧૧/૨૬ શનિવાર**
ગોપાષ્ટમી **૧૭/૧૧/૨૬ મંગળવાર**	**તુલસી વિવાહ** **૨૧/૧૧/૨૬ શનિવાર**	**પૂનમ (દેવ દિવાળી)** **૨૪/૧૧/૨૬ મંગળવાર**